RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 205 Date: 16.05.2024 Thursday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## નકલી શિવસેનાનું કોંગ્રેસ સાથે વિલીનીકરણ નિશ્ચિત, બાળ ઠાકરેના નામ પર પીએમ નરેન્દ્ર મોદી ભાવુક થયા



મુંબઈ,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મહારાષ્ટ્રના ડિંડોરીમાં એક વિશાળ જનસભાને સંબોધિત કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું, ×મોદી વંચિતોના અધિકારના ચોકીદાર છે, તેઓ તેમને છીનવા નહીં દે.× ભારતે જે રીતે કોરોના વાયરસ સામે લડત આપી તેની આખી દુનિયા પ્રશંસા કરી રહી છે.'' તેમણે વધુમાં કહ્યું કે, આજે મોદી ગરીબોને કાયમી ઘર, દરેક ઘરને વીજળી, પાણી, ઉજ્જવલા ગેસ કનેક્શન આપી રહ્યા છે. અમે ક્યારેય કોઈનો ધર્મ જોયો નથી. દરેક માટે યોજનાઓ બનાવવામાં આવી, દરેકને યોજનાઓનો લાભ આપવામાં આવ્યો.

પીએમે કહ્યું, કોંગ્રેસની વિચારસરણી છે કે દેશની સરકારો દ્વારા બનાવેલા બજેટનો ૧૫ ટકા માત્ર લઘુમતીઓ પર ખર્ચ કરવો જોઈએ, એટલે કે બજેટને ધર્મના આધારે પણ વહેંચવામાં આવે. તેઓએ ધર્મના આધારે દેશનું વિભાજન કર્યું અને આજે પણ તેઓ ધર્મના આધારે વિવિધ વિભાજનમાં વ્યસ્ત છે.

વડાપ્રધાને કહ્યું કે, તે નિશ્ચિત છે કે નકલી શિવસેના (ઉદ્ધવ ઠાકરે), નકલી રાષ્ટ્રવાદી પાર્ટી (શરદ પવાર) કોંગ્રેસમાં ભળી જશે. જ્યારે આ નકલી શિવસેના કોંગ્રેસમાં ભળી જશે ત્યારે મને બાળાસાહેબ ઠાકરેને સૌથી વધુ યાદ આવશે. બાળા સાહેબ માનતા હતા કે જે દિવસે શિવસેના કોંગ્રેસના માર્ગે ચાલવાનું શરૂ કરશે તે દિવસે તેમની શિવસેનાનો અંત આવી જશે. આજે જે વિનાશ થઈ રહ્યો છે તેનાથી બાળા સાહેબને સૌથી વધુ દુઃખ થયું હશે.

જનસભાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે કોંગ્રેસ લોકસભાની ચૂંટણી એટલી ખરાબ રીતે હારી રહી છે કે તેમના માટે બંધારણ હેઠળ વિપક્ષ બનવું મુશ્કેલ બનશે. તેમણે વધુમાં કહ્યું કે મહારાષ્ટ્રમાં ભારતીય ગઠબંધનના એક નેતાએ સૂચન કર્યું હતું કે મહારાષ્ટ્રમાં નાની પાર્ટીઓએ ચૂંટણી પછી કોંગ્રેસમાં ભળી જવું જોઈએ. મતલબ કે નકલી શિવસેના અને નકલી એનસીપી કોંગ્રેસમાં ભળી જશે. જ્યારે આવું થશે ત્યારે હું બાળાસાહેબ ઠાકરેને સૌથી વધુ યાદ કરીશ. બાળા સાહેબ કહેતા હતા કે જે દિવસે તેમને લાગશે કે શિવસેના કોંગ્રેસ બની ગઈ છે, તે દિવસે તેઓ શિવસેનાને ખતમ કરી દેશે. મતલબ કે હવે નકલી શિવસેનાનો કોઈ પત્તો નહીં લાગે.

પીએમ મોદીએ બેઠકમાં વધુમાં કહ્યું કે કોંગ્રેસ માટે માત્ર એક જ લઘુમતી છે - તેની પોતાની મનપસંદ વોટ બેંક. એક કિસ્સો સંભળાવતા તેમણે કહ્યું કે જ્યારે હું મુખ્યમંત્રી હતો ત્યારે કોંગ્રેસ ઈચ્છતી હતી કે દેશના કુલ બજેટમાંથી ૧૫% માત્ર મુસ્લિમો પર ખર્ચવામાં આવે. તે સમયે મેં તેનો સખત વિરોધ કર્યો હતો. સમગ્ર ભાજપે વિરોધ કર્યો હતો. તેથી તેઓ તેમની યોજનામાં સફળ થઈ શક્યા નહીં. પીએમ મોદીએ કહ્યું કે બાબા સાહેબ આંબેડકર ધર્મના આધારે અનામત આપવાની વિરુદ્ધ હતા. પરંતુ કોંગ્રેસ એસસી, એસટી અને ઓબીસી સમુદાયની અનામત છીનવીને પોતાની વોટ બેંકમાં આપવા માંગે છે.

ચૂંટણી રેલીમાં પીએમ મોદીએ કહ્યું કે તમે છેલ્લા ૧૦ વર્ષમાં મારું કામ જોયું છે.

## એક જ બેઠક પરથી ત્રણ વખત ચૂંટણી લડનારા મોદી ત્રીજા વડાપ્રધાન છે, આ વખતે જીતનો રેકોર્ડ બનાવવાની આશા



નવીદિલ્હી,તા.૧૫

ત્રીજી વખત વારાણસી સંસદીય બેઠક પરથી ઉમેદવારી નોંધાવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ અને ભારત રત્ન પંડિત અટલ બિહારી વાજપેયીની બરાબરી કરી લીધી છે. બંને ભૂતપૂર્વ વડા પ્રધાનો પોતપોતાના મતવિસ્તાર (એક જ લોકસભા)માંથી ચૂંટણી લડ્યા હતા અને જંગી મતોથી જીત્યા હતા. હવે મોદીએ આ જ લોકસભા સીટ પરથી ચૂંટણી લડીને પીએમ તરીકે ત્રીજી વખત ચૂંટણીમાં બરાબરી કરી લીધી છે.

પંડિત નેહરુ ૧૯૫૧-૫૨, ૧૯૫૭ અને ૧૯૬૨માં ત્રણ વખત પ્રયાગરાજ જિલ્લાની ફુલપુર બેઠક પરથી સાંસદ હતા અને ત્રણેય વખત તેમણે વડાપ્રધાન તરીકે દેશની બાગડોર સંભાળી હતી. પંડિત નેહરુને દેશના પ્રથમ વડાપ્રધાન બનવાનું ગૌરવ પ્રાપ્ત થયું હતું. જો કે ભારત રત્ન પંડિત અટલ બિહારી વાજપેયી પાંચ વખત લખનૌથી સાંસદ રહી ચૂક્યા છે, પરંતુ ૧૯૯૬, ૧૯૯૮ અને ૧૯૯૯માં સાંસદ બન્યા બાદ તેમને વડાપ્રધાન પદ પર રહેવાનું સન્માન મળ્યું.

હવે નરેન્દ્ર મોદી ૨૦૧૪ અને ૨૦૧૯માં વારાણસીના સાંસદ તરીકે ચૂંટાયા હતા. બંને વખત કેન્દ્રમાં તેમના નેતૃત્વમાં મજબૂત બહુમતી સાથે સરકારો બની હતી. વારાણસીથી ફરી ત્રીજી વખત ઉમેદવારી નોંધાવીને મોદીએ એક જ લોકસભા બેઠક પરથી સતત ત્રણ વખત ચૂંટણી લડનારા બંને પૂર્વ વડાપ્રધાનોની બરાબરી કરી લીધી છે.

૧૪ માંથી નવ વડાપ્રધાનો યુપીના છેઃ ભારતના લોકશાહી ઈતિહાસમાં ૧૪ વડાપ્રધાનો રહ્યા છે, જેમાંથી નવ ઉત્તર પ્રદેશમાંથી આવ્યા છે. પંડિત જવાહર લાલ નેહરુથી શરૂ થયેલો આ ટ્રેન્ડ નરેન્દ્ર મોદી સુધી પહોંચ્યો છે. આ સમયગાળા દરમિયાન લાલ બહાદુર શાસ્ત્રી, ઈન્દિરા ગાંધી, ચૌધરી ચરણ સિંહ, રાજીવ ગાંધી, વિશ્વનાથ પ્રતાપ સિંહ, ચંદ્રશેખર, અટલ બિહારી વાજપેયી યુપીની વિવિધ બેઠકો પરથી ચૂંટણી જીતીને સંસદમાં પહોંચ્યા અને ચૂંટાયેલા સાંસદોએ તેમને વડાપ્રધાન તરીકે તેમના નેતા તરીકે પસંદ કર્યા. .

વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીનો બે ટર્મનો કાર્યકાળ નવ વર્ષ અને ૩૫૦ દિવસનો છે. જો કે સૌથી લાંબા સમય સુધી વડાપ્રધાન તરીકે સેવા આપવાનો રેકોર્ડ દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહર લાલ નેહરુના નામે છે.નેહરુ ૧૬ વર્ષ અને ૨૮૬ દિવસ સુધી દેશના વડાપ્રધાન રહ્યા. બીજો નંબર તેમની પુત્રી ઈન્દિરા ગાંધીનો છે. ઈન્દિરાએ ૧૧ વર્ષ અને ૫૯ દિવસ વડાપ્રધાન તરીકે દેશ પર શાસન કર્યું.

## સોનાની દાણચોરીમાં રૂ. ૫૧.૧૫ કરોડના દંડને પડકારતી અરજી હાઈકોર્ટે ફગાવી

અમદાવાદ,તા.૧૫

ગુજરાત હાઈકોર્ટે શહેરના એરપોર્ટ દ્વારા ૪,૮૮૬ કિલોગ્રામ સોનાની દાણચોરી અને દાણચોરીનું સોનું જપ્ત કરવા માટે શો-કોઝ નોટિસને સંડોવતા કેસમાં રૂ. ૫૧.૧૫ કરોડનો દંડ ફટકારવાના કસ્ટમ વિભાગના આદેશ સામેની અરજીઓ સાંભળવાનો ઈનકાર કર્યો છે. જસ્ટિસ ભાર્ગવ કારિયા અને જસ્ટિસ નિરલ મહેતાની ખંડપીઠે કસ્ટમ વિભાગ દ્વારા દંડ લાદવાને પડકારતી અરજીઓ સાંભળવાનો ઈનકાર કર્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે દાણચોરોકસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની જોગવાઈઓ હેઠળ કસ્ટમ્સ એક્સાઈઝ અને સર્વિસ ટેક્સ ટ્રિબ્યુનલનો સંપર્ક કરી શકે છે.

સોનાની દાણચોરીના રેકેટનો પર્દાફાશ જૂન ૨૦૧૯માં કરવામાં આવ્યો હતો જ્યારે એર ઈન્ટેલિજન્સ યુનિટે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી જીગ્નેશ સાવલિયાને રૂ. ૮.૨ કરોડની બજાર કિંમત અને રૂ. ૭.૧૮ કરોડની ટેરિફ વેલ્યુ સાથે પકડી પાડ્યો હતો. તપાસ શરૂ કરવામાં આવી હતી, અને શોધ અને જપ્તી કામગીરી હાથ ધરવામાં આવી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે દાણચોરીનું રેકેટ માર્ચ ૨૦૧૩ અને મે ૨૦૧૯ વચ્ચે હાથ ધરવામાં આવ્યું હતું. સોનું મુખ્યત્વે દુબઈથી અમદાવાદની ફ્લાઈટમાં લાવવામાં આવ્યું હતું. છ વર્ષમાં ભારતમાં ૪,૮૮૬.૨૦૬ કિગ્રા સોનાની દાણચોરી કરવામાં આવી હતી. આ તપાસ પછી, વિભાગે ડિસેમ્બર ૨૦૧૯માં પ્રમોદગીરી ગોસ્વામી, રુતુગ્ના ત્રિવેદી અને નીતા પરમાર સહિત ૩૬ લોકોને નોટિસ પાઠવી, તેમને કારણ દર્શાવવા કહ્યું કે છ વર્ષ દરમિયાન દાણચોરી કરાયેલું સોનું શા માટે જપ્ત ન કરવું જોઈએ.તેના પછી કસ્કાટમ્સ વિભાગની કાર્યવાહી ચાલુ રહી હતી અને, નવેમ્બર ૨૦૨૧માં, વિભાગે રૂ. ૨૦૪.૬ કરોડના મૂલ્યના ૭૩૧.૭૦૫ કિલોગ્રામ દાણચોરીના સોનાના ધિરાણ માટે રૂ. ૫૧.૧૫ કરોડનો દંડ ફટકારતો આદેશ જારી કર્યો.

## વડોદરામાં પાલિકા તંત્ર દ્વારા વીજળીના થાંભલા, સરકારી મિલકતો પરથી પર ગેરકાયદે લટકતા કેબલો કાપી નંખાયા

વડોદરા શહેરના ઉત્તર વિભાગમાં નરહરી હોસ્પિટલથી બાલ ભવન સુધીના જાહેર રસ્તા પર આવેલા થાંભલાઓ સહિત જાહેર સરકારી મિલકતો પર અને રોડ રસ્તા પર બામ્બુના સહારે બાંધેલા ખાનગી કેબલ ઓપરેટરના વાયરો અને મેન્ટલ હોસ્પિટલ થી વુડા સર્કલ સુધીના વિસ્તારમાંથી પણ ગેરકાયદે લટકતા વાયરો પાલિકા તંત્ર દ્વારા કાપી નાખવામાં આવ્યા છે.શહેરભરમાં વીજળીના થાંભલા પર તથા અન્ય સરકારી મિલકતો પર નંખાયેલા ખાનગી કેબલો કાપવાની કાર્યવાહી પાલિકા દ્વારા શરૂ કરવામાં આવી છે. ખાનગી કેબલ ઓપરેટરો શહેરના વિવિધ વિસ્તારમાં પોતાની ખાનગી ટીવી ચેનલો ચલાવવા બાબતે ગ્રાહકો માટે કનેક્શન લગાવે છે આ અંગે એક મકાનથી બીજા મકાન અને ઠેર ઠેર ખાનગી કેબલ ઓપરેટરો વીજ કંપનીના થાંભલા સહિત જાહેર સરકારી મિલકતો અને ખાનગી મિલકતો પર પણ પોતાના કેબલો લટકાવી દેતા હોય છે. એક



વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં જવા માટે રોડ ક્રોસ કરવાના ઈરાદે કેબલ વાયરો વીજ થાંભલે બાંધવામાં આવે છે. વીજ થાંભલે ગેરકાયદે કે બોલો બાંધવા મજૂરો પાસે જાનના જોખમે કામગીરી કરાવતા હોય છે. વીજ થાંભલે અને સરકારી મિલકતો સહિત જાહેર રોડ રસ્તા પરથી પસાર થતા ખાનગી કેબલ ઓપરેટરોના વાયરો બાબતે પાલિકા તંત્રની કોઇ પરમિશન કેબલ ઓપરેટરો દ્વારા લેવામાં આવતી નથી. રોડ રસ્તા વચ્ચેથી પસાર થતા કેબલો ઘણીવાર એટલા નીચા નમી જાય છે કે વાહન અકસ્માત થવાની સતત દહેશત રહ્યા કરે છે.શહેરભરમાં આવા ગેરકાયદે બાંધવામાં આવેલા કાપવાની કાર્યવાહી પાલિકા તંત્ર દ્વારા શરૂ કરવામાં આવી છે. જેમાં ફતેગંજની નરહરી હોસ્પિટલથી બાલ ભવન સુધી અને કારેલીબાગની માનસિક આરોગ્ય સેવાની હોસ્પિટલથી વુડા સર્કલ સુધીમાં જાહેર રોડ રસ્તાના વીજ થાંભલે બાંધવામાં આવેલા આવા કેબલો પાલિકાની દબાણ શાખાની ટીમે કાપી નાખ્યા છે. શહેરના વિવિધ વિસ્તારોમાં આવા ગેરકાયદે લટકતા કેબલો દક્ષિણ પશ્ચિમ ઝોનમાં પણ આજે કાર્યરત થઈ હતી. જ્યાં જાહેર રોડ રસ્તા પર વીજળીના થાંભલા કે સરકારી મિલકતો સહિત બામ્બુના સહારે બાંધેલા આવા કેબલ વાયરો પાલિકાની દબાણ શાખાએ કાપીને કબજે લઈ પાલિકા સ્ટોરમાં જમા કરાવવામાં આવ્યા હતા.

## પરાબજાર, દાણાપીઠમાં ૧૪ વેપારીઓ પાસેથી ૧૫૦ કિલો પ્લાસ્ટિક જપ્ત થયું

રાજકોટઃ શહેરનું પર્યાવરણ બગાડતું, ગટર જામ કરી દેતું પ્લાસ્ટિક પ્રદુષણ હોય કે જનઆરોગ્ય જોખમાવતી પ્રવૃતિ હોય, મનપા દ્વારા ક્યારેક થતી ચેકીંગ,દંડની કામગીરીથી ધંધાર્થીઓમાં ફફડાટ ફેલાતો ન હોય તેમ વારંવાર આ નિયમોની જાણ કરવા છતાં તેનો ભંગ ગણત્રીપૂર્વકનું જોખમ લઈને થતો રહે છે. આજે પરાબજાર અને દાણાપીઠ વિસ્તારમાં ચેકીંગ કરાતા ૧૪ વેપારીઓ પાસેથી ૧૫૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક મળી આવ્યું હતુ જે માટે માત્ર રૂા.૬૬ હજારનો દંડ વસુલ કરાયો છે.સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા મારુતિ ટ્રેડીંગ, ક્રિષ્ણા પ્લાસ્ટિક, પેકવેલ,શ્રીનાથજી પ્લાસ્ટિક, બાલાજી ટ્રેડર્સ, મોહનજી માધવજી ચંદારાણા, રઘુવીર, સિધ્ધિવિનાય, રાજુ, સીમા, પ્રીતેશ, જી.કગરીયા, જે.કટારીયા,મનોજભાઈ વગેરે નામથી ધંધો કરતા પ્લાસ્ટિકના વેપારીઓ પાસેથી ૧૫૦ કિલો પ્લાસ્ટિક જપ્ત કરીને દંડ વસુલાયો છે. આવું ચેકીંગ ક્યારેક જ થતું હોય અને માત્ર પ્લાસ્ટિક જપ્ત કરીને રૂા.૩ અને ૫ હજારનો દંડ થતો હોય બધાને પ્રતિબંધ હોવાની જાણ હોવા છતાં તેની માંગ રહેતી હોય વેચાણ થતુ રહે છે.

## નિર્ણયનગરના યુવકની સમલૈંગિક સંબંધ ધરાવતા શખ્સે હત્યા કર્યાના મામલે અટકાયત

અમદાવાદ,તા.૧૫

શહેરના બોપલ પોલીસ સ્ટેશનની હદમાં આવતા એસપી રિંગ રોડ પાસે એક અજાણ્યા પુરુષની અર્ધનગ્ન હાલતમાં લાશ મળી હતી. જેને લઈને પોલીસે તપાસ કરીને લાશની ઓળખ કરતા નિર્ણયનગરના યુવકની હોવાનું સામે આવ્યું હતું અને તેની હત્યા થઇ હોવાનું જણાયું હતું. મૃતકના પરિવારજનોને પોલીસે જાણ કરતા આ યુવક બે દિવસથી ગુમ હતો. મૃતકના પરિવારજનોએ મૃતકની સાથે નોકરી કરતા અને સમલૈંગિક સંબંધ ધરાવતા વ્યક્તિ પર શંકા દાખવતા પોલીસે તે શંકાસ્પદ વ્યક્તિ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.નિર્ણયનગર ખાતે આવેલા શાન્તારામ કોમ્પલેક્ષ પાસે રહેતા નિલેષભાઇ વાઘેલા વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલી એસજીવીપી હોસ્પિટલમાં મેડિકલ સ્ટોરમાં નોકરી કરતા હતા. તેમના પરિવારમાં પત્ની અને પુત્ર તથા પુત્રી છે. નિલેષભાઇ ગત તા. ૧૧મીએ સવારે ઘરેથી નીકળીને નોકરીએ ગયા હતા. પરંતુ સાંજે ઘરે આવ્યા ન હોવાથી પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. તેવામાં નિલેષભાઇના પરિવારે હોસ્પિટલમાં પહોંચીને તપાસ કરતા સાંજે પંચિંગ કરીને નીકળી ગયા હોવાનું સામે આવ્યું હતું. તેવામાં સોમવારે એસપી રિંગ રોડ પર શક્તિ કન્વેન્શનલની બાજુના વરંડામાં અવાવરું જગ્યાએ અર્ધનગ્ન હાલતમાં લાશ મળી આવી હતી. જે લાશની ઓળખ કરતા નિલેષભાઇની હોવાથી બોપલ પોલીસે નિલેષભાઇના પરિવારને બોલાવીને ખરાઇ કરી હતી. ત્યારે નિલેષભાઇની લાશ અર્ધનગ્ન અવસ્થામાં હોવાથી તેમના પરિવારજનોએ એક શખ્સ પર શંકા દાખવી હતી. નિલેષભાઇની સાથે હોસ્પિટલમાં હાઉસકિપિંગનું કામ કરતો અને સમલૈંગિક સંબંધ ધરાવતો શખ્સ નિલેષભાઇને અવારનવાર હેરાન કરતો હોવાનો આક્ષેપ થતાં બોપલ પોલીસે આ મામલે ગુનો નોંધી શંકાસ્પદ આરોપીની અટકાયત કરી છે.

***આજનો વિચાર***

**આજે મેં જે જે વિચારો કર્યા, એનાથી મને કેવા કેવા કર્મો બંધાશે, એનો ક્યારેય વિચાર કર્યો છે ખરો વહાલા?**

- MANNISH *( MINTOO )*

*તંત્રી લેખ......*

# ચીન સાથે વેપારખાધ

ભારત અને ચીનનો સંબંધ બહુ જટિલ છે. સીમા વિવાદને કારણે અદાવત પણ છે અને ટ્રેડના મોરચે મોટું ભાગીદાર પણ છે. ભારત ચીનના જીડીપીમાં ભારે યોગદાન આપી રહ્યું છે, છતાં ચીન ભારતનું જ હરસંભવ નુક્સાન કરવાની કોશિશ કરતું રહે છે. ૨૦૨૦માં ગલવાનની હિંસક સૈન્ય ઘટના બાદ ભારતમાં ચીની સામાનના બહિષ્કારની હવા ચાલી. અનેક સંગઠનોએ ચીનથી આયાત નહિ કરવાના સોગંદ ખાધા, એ માનવામાં આવ્યું કે જો ભારત ચીનથી આયાત નહીં કરે તો તેનાથી ચીનને ઝાટકો લાગશે અને ચીન માટે ભારતની નારાજગી સહન કરવી આર્થિક રૂપે મોંઘી પડશે, પરંતુ ધરાતલ પર એવું કશું ખાસ ન થયું. ભારત ચીનથી આયાત કરે છે. આ આયત સમય સાથે વધતી જ ગઈ છે. ૨૦૨૩-૨૪માં ચીન ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર હતું. અમેરિકા સાથે વેપાર તેમ છતાં સંતુલિત છે, જેમાં ભારત વધુ નિકાસ કરી રહ્યું છે અને ઓછી આયાત કરી રહ્યું છે , પરંતુ ચીન સાથે વ્યાપક સ્તર પર વેપાર ખાધ જોવા મળે છે. ભ ારત બહુ વધુ પડતી આયાત ચીનથી કરી રહ્યું છે અને ચીનને બહુ ઓછી નિકાસ કરી રહ્યું છે.

ગયા વર્ષે ભારત અને ચીન વચ્ચે ૧૧૮.૪ અબજ ડોલરનો પરસ્પર વેપાર થયો, જેમાં ચીનથી ભારતની આયાત ૩.૨૪ ટકા વધીને ૧૦૧.૭ અબજ ડોલર થઈ ગઈ. એટલેકે ચીન સાથે ભારતની વેપાર ખાધ લગભગ ૮૫ અબજ ડોલરની છે. આ બહુ મોટું અસંતુલન છે. આ અસંતુલનને ઠીક કરવાની જરૂર છે. કાં તો ભારત ચીનથી આયાત ઓછી કરે અને પોતાના પૂરવઠા માટે નવો વિકલ્પ શોધે અથવા તો ભારત ચીનને આયાત વધારવા માટે મજબૂરલ કરે. ભારત અને ચીન વચ્ચે વેપાર અસંતુલન કેટલાય દાયકાઓથી છે. ભારત સરકારે એના તરફ ગંભીરતાથી ધ્યાન આપવું જોઈએ. એ સાચું કે આજે દુનિયા ટ્રેડ જાળમાં પરસ્પર ગૂંથાયેલી છે, પરંતુ ભારતે પોતાના હિતોનું ધ્યાન રાખવું પડશે. ભારતે ચીન સાથે સીમા વિવાદ ઉકેલવા માટે ટ્રેડ કૂટનીતિનો ઉપયોગ કરવો જોઈએ. આજે હજારો ચીની કંપનીઓ ભારતમાં કામ કરી રહી છે. આ જ સ્થિતિ ભારતીય કંપનીઓ માટે પણ ચીનમાં હોવી જોઈએ. ભારતની ચીનને લોહ, સુતરાઉ દોરા-કપડાં, હાથશાળ, મસાલા, ફળ, શાકભાજી, પ્લાસ્ટિક અને લિનોલિયમ જેવા ક્ષેત્રોમાં નિકાસ વધી છે. ભારત ચીનથી ઈલેક્ટ્રોનિક સામાન, ન્યૂક્લિયર રિએક્ટર્સ, બોઈલર, ઓર્ગેનિક કેમિકલ, ફર્ટિલાઈઝર, ગાડીઓ સાથે જોડાયેલ સામાન અને એલ્યુમિનિયમ વગેરેની આયાત કરે છે. ભારતનું ચીન અને અમેરિકા સાથે વેપારના આંકડામાં મામૂલી અંતર છે. આર્થિક શોધ સંસ્થા ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવના આંકડા અનુસાર, ભારત-અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર ૨૦૨૩-૨૪માં ૧૧૮.૩ અબજ ડોલર રહી છે. ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં અમેરિકા, ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર હતું. વાણિજ્ય મંત્રાલયના આંકડા અનુસાર, ચીન ૨૦૧૩-૧૪થી ૨૦૧૭-૧૮ સુધી અને ૨૦૨૦-૨૧માં પણ ભારતનું શીર્ષ વેપારી ભાગીદાર હતું. અર્થવ્યવસ્થાની ગતિ માટે જરૂરી છે કે ભારતનો વૈશ્વિક વેપાર સતત વધતો રહે, પરંતુ ચીન સાથે આટલા મોટા વેપાર અસંતુલનને નિયંત્રિત કરવાની જરૂર છે.

# વિમાન ચલાવવું એ ડાબા હાથનો ખેલ છે

હુંઅંગત રીતે( હુંજાહેરમાં માનું છું તે કોઇ માનતું નથી.)માનું છું કે વિમાન ચલાવવવામાં કોઇ મોથ મારવાની નથી. કદાચ તમે કોમર્શિયલ પાઇલોટ હશો કે એર ફોર્સમાં હશો તો વિરોધ કરશો. ભલે વિરોધ કરો. તમને ઘણી ખમ્મા! વિમાન તમારું ભલું કરે.આ વિમાન ચલાવનારા કંઇ મૂડી પર પોતાને કેપ્ટન કેસ્વોડ્રન લીડર કહેવડાવતાં હશે તેની ખબર નથી. વિમાન વાળાના વાદે ચડીને તેજસ ટ્રેનના ડ્રાઇવરો પોતાને પાઇલોટ કહેવડાવતા હશે? આ તો એક વાત થાય છે! કાલે અમારો છકડો બારેમાસ વાળા સાઉથની ફિલ્મવાળાની જેમ અકસ્માતમાં ગાડીઓ ઉછાળે છે એમ છકડો ઉછાળતા રહે છે તે છકડાવીરો પણ આરટીઓને પાઇલોટ કહેવડાવવા અરજી કરશે!! શું કહો છો ,ઠાકુર??

વિમાન ચલાવવામાં ઉપડવા એટલે કે ટેઇક ઓફમાં ધ્યાન રાખવું પડે. એ જ રીતે વિમાન ઉતારતી વખતે કાળજી લેવી પડે. ક્યારેક રન વે પરથી વિમાન લસરી જવા કે વિમાનનું ટાયર બર્સ્ટ થવા જેવી ઘટના બને. કદીમદી પક્ષી વિમાનને અથડાય ત્યારે બર્ડહીટને લીધે પ્લેન ક્રેશ થાય. ટેકનિકલ ખામીને લીધે વિમાન હોનારત થાય!! વિમાન આકાશમાં ઉડે ત્યારે વિમાનને અમદાવાદ કે ગાંધીનગર જેવા ડીસ્કો રોડ, જીવલેણ બમ્પ, રસ્તા પર અડો જમાવીને ત્રેત્રીસ કરોડ દેવતાને દેહમાં સમાવનારી ગાય કે ગાયોના સમૂહથી ડરતાં ડરતાં વિમાન તારવવું પડે છે!! ભાવ વધારાની જેમ ત્રાટકતાં સ્ટ્રીટ ડોગની જીવ બચાવતા બાઇકર જેમ ગબડવું પડે છે? રાજકીય પક્ષોની જેમ લડતાં આખલાથી ભયભીત થવું પડે છે? રોડ પર એક વાહન બાપનો બગીચો હોય તેમ પાર્ક કરેલ હોય તેને સમાંતર બીજું વાહન પાર્ક તરી અડધો રસ્તો બ્લોક કરેલ હોય સામેથી રોંગસાઇડમાં પુરઝડપેચુ વ્હીલર કે ફોર વ્હીલર વચ્ચે વિમાન ચલાવવાનું હોય ? રસ્તા પર વરઘોડા, શોભાયાત્રા કે કથાના મંડપોના દબાણમાં વિમાન ક્યાં ચલાવવાનું હોય? બાપુ ગાડીની સ્પીડથી વાહન ચલાવવા છતાં કે હોર્ન મારવા, રાતના સમયે ડીપર લાઇટ કરવા છતાં સાઇડ ન આપતાં અલેલટપ્પુઓ વચ્ચે વિમાન ચલાવવાનું હોય? ટ્રાફિક આઇલેન્ડ પર લાલની લીલી લાઇટ થાય ત્યાં સુધી બોચીએથી પરસેવાના ધધુડા પડતા હોય તેવી સ્થિતિમાં વિમાન ચલાવવાનું હોય છે? ચોમાસામાં ત્રાંસા વરસાદના છાંટા આંખમાં તીરની જેમ વાગે એમ વાહન ચલાવવાનું હોય છે?

વિમાનનો પાયલોટ તો તમારો ભાગ્ય વિધાતા હોય તેવી મગરૂર ભાષામાં એનાઉન્સમેન્ટ કરે છે, જેના ઉચ્ચારો મંગળ ગ્રહના વતની જેવા હોય છે. તમે ખમાસાની પોળ કે મિરઝાપુર કે ભાવનગરની સાંકડી ગલીમાં વાહન ચલાવતી વખતે કાયદેસરનું ઝોકું ખાઇ શકો? પાઇલોટ વિમાનને ઓટો મોડ પર મુકી પંદર મિનિટ કાયદેસર ઊંધી શકે છે. હોટલ કે રેસ્ટોરેન્ટનું રસોડું ગ્રાહક માટે હેરત અંગેજ ગણાય છે, તેમ વિમાનની કોકપિટ પેસેન્જર માટે રહસ્યમયી હોય છે. માનો કે આગાથા ક્રિસ્ટી કે આલ્ફ્રેડ હિંચકોકની કૃતિ ન હોય!

વિમાનમાં પેસેન્જર પર કેટલા નિયંત્રણો? ટેઇક ઓફ કે લેન્ડિંગ સમયે અવરજવર કરી ન શકાય કે લેવેટરીનો ઉપયોગ કરી ન શકાય! પેસેન્જરે મોંઘા ભાવના વ્યંજનો વિમાનની પેન્ટ્રીમાંથી ખરીદ કરવા પડે. અહીં સાલ્લા પાન મસાલાનાગલ્લા કે ફાફડા જલેબીના સ્ટોલ પણ ન હોય , બોલો.( શું બોલે ભાયા ? આયાં આવું જ હોય!) પેલું શુ કહે છે ખુરશી કી પેટી બાંધી રખિએ. સીટ સીધી રખિએ! તારી ભલી થાય ચમના. આંટવાં રૂપિયા ખરચવા છતાં જાતજાતની પાબંદી. અમે છકડામાં બેસીએ તો નવઘણ ભરવાડ એટલું જ કહેકે ડાંડો ઝાલી રાખજો, નયતર ઢોળાઈ જશો કે વેરાઈ જશો.

બોસ વિમાનમાં બીડી કે સિગારેટ ન પીવાય. લેવેટરીમાં પીએ તો પણ એકશન લે. જ્યારે આપણા છકડામાં પાયલોટ, છકડા ક્રુ મેમ્બર અને પેસેન્જર એક બીડીમાંથી ચાર ચાર જણ કસ મારતા હોય,બાપલિયા વયા આવો સંચોડા!! વિમાનનો પાયલોટ ધના સુતારની પોળમાં વિમાન હંકારી દે તો આપણે એના ગુલામ થઇ જાય હોં કે!!

પાયલોટ થવાની ટ્રેઇનીગ માટે ફલાઇટ ક્લબ ચાલે છે.થિયેરીકલ, પ્રેકટીકલ , સિટીમ્યુલ્ટર પર તાલીમ આપે. અમુક કલાક વિમાન ઉડાડવાનો અનુભવ હોય તો વિમાન ઉડાડી શકે!!જ્યારે અમારા વીર રીક્ષાવાળા હાથમાં સ્ટિયરીગ પકડે કે પાકું લાઇસન્સ સમજો . સ્ટિમ્યુલ્ટ વળી કંઇ બલા છે? અડધું ઠાઠનું રીક્ષા બહાર કાઢી પગથી સાઇડ બતાવતો સર્પન્ટ રીક્ષા ચલાવે કે સૌના શ્વાસ અદ્ધર થઇ જાય.

અમેરિકામાં એક નાના વિમાનના ઉડાનની વચ્ચે જ પાઇલટ અચેત થઈ ગયો. એવામાં વિમાનનું લૅન્ડિંગ એક મુસાફરે જ કરાવ્યું. આ પહેલા આ મુસાફરે ક્યારેય વિમાન નહોતું ઉડાવ્યું. મામલો બુધવારનો છે. મુસાફરે એટીસીની મદદથી સેસના ૨૦૮ લાઇટ વિમાનને ફ્લોરિડા એરપોર્ટ પર સુરક્ષિત ઉતાર્યું.

વિમાને બહામાસના માર્શ હાર્બર સ્થિત લિયોનૉર્ડ એમ. થૉમ્પસન ઇન્ટરનેશનલ એરપોર્ટથી ઉડાન ભરી હતી. રસ્તામાં જ વિમાનનો પાઇલોટ બેભાન થઈ ગયો. સંકટમાં ફસાયેલા જોઈને મુસાફરે એરટ્રાફિક કન્ટ્રોલર સાથે સંપર્ક કરી મદદ માંગી. વિમાનને ૧૧૩ કિમી દૂર ફ્લોરિડાના તટથી દૂર સમુદ્રની ઉપર ઉડતું હોવાની જાણ થઈ.

આ દરમિયાન એટીસીએ પામ બીચ ઇન્ટરનેશનલ એરપોર્ટે સેસના વિમાનના કૉકપિટની પ્રિન્ટ લીધી અને ટ્રાફિક કન્ટ્રોલર રોબર્ટ મોર્ગનને મુસાફર સાથે વિમાનને નિયંત્રિત કરવાની સુરક્ષિત લૅન્ડ કરાવી દીધું.આ અજ્ઞાત મુસાફર પોતાની ગર્ભવતી પત્નીને મળવા માટે આવી રહ્યો હતો. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (એફએએ) મુજબ, એક એન્જિનવાળા સેસના ૨૦૮ વિમાન પર માત્ર બે લોકો સવાર હતા.બોલો મારી વાત ખોટી છે? વિમાન ચલાવવા કોઇ તાલીમની જરૂર નથી. વિમાન ચલાવવુંએડાબા હાથનોખેલછે.આ સમાચાર વાંચીને રાજુ રદીની ડાઢ ડળકી છે.રાજુ રદીને વિમાન ચલાવીને હાથ સાફ કરવા છે!!

ભરત વૈષ્ણવ

# દુર્જનોથી દૂર રહેવામાં જ ભલાઈ છે.

(પયં પાનમ્ ભુજંગાનાં કેવલમ્ વિષ વર્ધનમ)

અર્થાત સાપને તમે ગમે તેટલું દૂધ પાઈને ઉછેરો, છતાંય તે તમારી સામે ઝેર ઘટશે, કારણકે સાપનો જન્મજાત સ્વભાવ જ ડંખ મારવાનો છે. આમાં તમે કોઈ પણ પ્રકારનો સુધારો કરી શકવાનાં નથી. આ દ્રષ્ટાંતનો મતલબ માનવજાત સાથે સંકળાયેલો છે.દુનિયામાં બે પ્રકારના માણસો જોવા મળે છે; સજ્જન અને દુર્જન.સજ્જનો ક્યારેય એમની સજ્જનતા ચૂકતાં નથી અને દુર્જનો ક્યારેય એમની દુષ્ટતા છોડતાં નથી.દુષ્ટ અને દુર્જન માણસને બીજાને કનડવામાં એક પ્રકારનો વિકૃત આનંદ આવતો હોય છે.દુર્જન વ્યક્તિ કોઈપણ સ્થળે સખણો રહી શકતો નથી.દુષ્ટ અને દુર્જન વ્યક્તિથી કદીપણ સામી વ્યક્તિનું સુખ ખમી શકાતું નથી.

આના માટે હંસ અને કાગડાની દ્રષ્ટાંત કથા સમજવા જેવી છે. એક ગામમાં એક હંસ અને એક કાગડો રહેતાં હતાં. હંસ અને કાગડાનો માળો સામસામે હોવાથી હંસ અને કાગડા વચ્ચે મિત્રતા બંધાઈ હતી. હંસ સજ્જન હતો જ્યારે કાગડો દુર્જન હતો. હંસના વડીલોએ તે યુવાન હંસને દુષ્ટ કાગડાની દોસ્તી તોડી નાંખવા માટે ઘણી વખત સમજાવવામાં આવ્યો કે તું આ દુષ્ટ કાગડાને ઓળખતો નથી, પરંતુ એક દિવસ આ કાગડો તને હેરાન પરેશાન કરી નાંખશે. પરંતુ એ યુવાન હંસે વડીલોની સલાહની અવગણના કરીને એ કાગડા સાથે મિત્રાચારી ચાલું રાખી.એક વખત એક પથિક મુસાફરીથી થાકીને બપોરના સમયે લીમડાના ઝાડ નીચે સૂતો હતો, તે વખતે લીમડાની ડાળી ઉપર હંસ બેઠો હતો અને એણે જોયું કે સૂતેલા મુસાફરના મોંઢા પર સીધો સૂરજનો તડકો પડે છે તો હું થોડીવાર મારી પાંખો ફેલાવીને થોડો છાંયો કરૂં તો તે મુસાફર શાંતિથી સૂઈ શકે. આવું વિચારીને હંસે પોતાની પાંખો ફેલાવી દીધી. તે સમયે અચાનક ત્યાં પેલો દુર્જન કાગડો આવી ચઢ્યો અને હંસની બાજુમાં આવીને બેસી ગયો. દુર્જન કાગડાએ જોયું કે હંસ પોતાની પાંખો ફેલાવીને અજાણ્યા પથિકને છાંયો આપે છે, તેથી તે ઈર્ષાથી બળી ગયો અને હંસને કહેવા લાગ્યો કે હે, હંસ શા માટે તું તકલીફ વેઠીને તદન અજાણ્યા પથિકને છાંયો આપે છે? હંસે કાગડાને કહ્યું કે, મારે ક્યાં આખી જિંદગી તકલીફ લેવાની છે, આ મુસાફર તો ઘડીભર વિશ્રામ કરીને પોતાના રસ્તે ચાલ્યો જશે.દુર્જન કાગડાથી આ ખમાયું નહીં તેથી તેણે હંસને ખબર ના પડે એ રીતે સૂતેલા મુસાફરના મોંઢા ઉપર ચરક કરી અને ધીમેથી પલાયન થઈ ગયો.બીજી તરફ પોતાના મોંઢા ઉપર ચરક પડવાથી મુસાફર સફાળો જાગી ગયો અને એને લાગ્યું કે, આ હંસલાએ જ મારા મ્હોં ઉપર ચરક કરી હોય એવું લાગે છે.આવુ વિચારીને હંસને સજા કરવાના ઈરાદાથી તે પથિકે પાસે પડેલો પથ્થર ઉપાડીને હંસ તરફ ફેંકીને હંસને ઘાયલ કરી નાંખ્યો. આમ હંસ પોતે સજ્જન હતો, પરંતુ કાગડા જેવા દુષ્ટ પક્ષી સાથે દોસ્તી કરવાથી હંસને માઠું પરિણામ ભોગવવું પડ્યું હતું. તેવીજ રીતે સાપ પણ દુષ્ટ કે દુર્જન પ્રાણીની કક્ષામાં આવે છે, તેથી સાપ પ્રત્યે તમે ગમે તેટલી સહાનુભૂતિ બતાવો કે તેને દૂધ પીવડાવો, પરંતુ તે વખત આવ્યે પોતાના જન્મજાત સ્વભાવ ઉપર આવી જાય છે અને પોતાને ઉછેરનાર વ્યક્તિને જ ડંખ મારે છે. આજ રીતે દુષ્ટ અને દુર્જન વ્યક્તિ પ્રત્યે તમે ગમે તેવો સદવર્તાવ કે સદવ્યવહાર કરો કે તેની સાથે નરમાશથી કે સલૂકાઈથી વર્તશો છતાંય તે કદીપણ એની દુષ્ટતા છોડશે નહીં અને વખતે આવે કૂતરાની માફક ડાઘિયું કરી લેશે. જેમ એક પાત્રમાં કસ્તૂરી અને બીજા પાત્રમાં હિંગ મૂકી બન્ને પાત્રોને બાજુબાજુમાં રાખવામાં આવે તો કસ્તૂરીની સુવાસ ક્યાંય અલોપ થઈ જશે અને વાતાવરણમાં હિંગની બદબૂ ફેલાવા લાગશે. દુષ્ટ કે દુર્જન વ્યક્તિને તમે ગમે તેવી સારી પદવી ઊપર બેસાડશો તો પણ એની વિચારશરણીમાં કોઈ જ ફરક પડવાનો નથી, ઉલ્ટાનું તે પોતાની સત્તાનો અતિરેક થતાં મદથી છલકાઈને ગમે તેવી દુષ્ટતા આચરશે, ન બોલવાનાં શબ્દો બોલશે અને સજ્જન વ્યકિતનું અપમાન કરતાં પણ ખચકાશે નહીં. માટે આપણે દુર્જન વ્યક્તિ પાસેથી સારા કામની આશા કે અપેક્ષા રાખવી નકામી છે. તમે દુર્જન વ્યક્તિ ઉપર ગમે તેટલાં ઉપકાર કરશો કે એનાં દશ કામ કરી આપશો તો પણ તે એની અસલિયત છોડશે નહીં, માટે દુષ્ટ કે દુર્જન વ્યક્તિની સાથે રહેવા કરતાં એનાંથી દૂર રહેવામાં જ આપણી ભલાઈ છે.આમ ક્યારેક નાના નાના દ્રષ્ટાંતો માનવજાતને સારો અને સાચો સબક શીખવી જાય છે.

યોગેશભાઈ આર જોશી

# વૃષભ સંક્રાંતિ નિમિતે જનભાગીદારીથી ગૌશાળા – નંદીશાળા અને પાંજરાપોળોને આત્મનિર્ભરતા તરફ લઈ જવા માટે એક અભિયાન ઉપાડીએ ! : ડો. વલ્લભભાઈ કથીરિયા

ગુજરાત અહિંસા અને જીવદયા ક્ષેત્રે અગ્રેસર રાજ્ય છે. સનાતન હિન્દુ ધર્મના અનેક સંપ્રદાયોનો પ્રાણીમાત્રની રક્ષા અને કલ્યાણનો ગૌરવશાળી વારસો ગુજરાત માં જોવા મળે છે. પ્રાણી માત્ર પરમેશ્વરની પ્રતિકૃતિ છે. તેમાંય ગૌમાતા – નંદી – વૃષભ સૌથી વધુ પૂજનીય આત્મા છે. ગાય વિશ્વમાતા છે. સર્વ સુખ પ્રદાયીની છે. ગૌ રક્ષા એ આપણો રાષ્ટ્ર ધર્મ છે. ગૌ સેવા આપણા જીવનમાં વણાયેલી છે. ગૌ સંસ્કૃતિ આપણા રાષ્ટ્રની આધારશીલા છે. એટલે જ તો, ભારતવર્ષ ગૌ, ગંગા, ગીતા, ગાયત્રી અને ગોવિંદની સંસ્કૃતિના દેશ તરીકે પ્રખ્યાત છે.

ગૌ સંસ્કૃતિના આવા આધ્યાત્મિક દેશમાં ગૌમાતા, વાછરડી, વાછરડા, ખૂંટીયા, બળદો, નંદી, વૃષભ મળી ને સમગ્ર ગૌ વંશ આજે નિરાધાર પશુની જેમ રસ્તે રઝળે છે. કૂડો - કચરો અને પ્લાસ્ટીક ખાય છે. બીમારી અને અકસ્માતનો ભોગ બને છે. તો ક્યાંક માનવીનો ભોગ લેવાય છે. શેરીઓ- ગલીઓમાં ગંદકી ફેલાય છે. પર્યાવરણ પ્રદૂષિત થાય છે. ઉભા પાકોને નુકસાન થાય છે. પ્રાણી અને માનવજાતિના રોગો વધવાથી આરોગ્યને હાનિ પહોંચે છે. આ સ્થિતિ આપણા સૌ માટે રાષ્ટ્રીય અને સામાજીક કલંક સમાન છે. આજે નધણિયાતી ગાયો, વાછરડી, વાછરડા, ખૂંટીયા, બળદો, નંદી, વૃષભ જેને આપણે હવે થી ગૌ વંશ તરીકે ઓળખીશું તે નિરાધાર અવસ્થામાં રખડે છે યા તો પાંજરાપોળ - ગૌશાળા – નંદીશાળા માં આશરો લે છે. એ તો આપણી સંસ્કૃતિની જીવદયાની મહાજન અને સંત પરંપરા ને ધન્યવાદ છે કે આવા નિરાધાર પશુઓ નો પાંજરાપોળો – ગૌશાળાઓ – નંદીશાળાઓ દ્વારા નિર્વાહ કરે છે.

પાંજરાપોળ, ગૌશાળા અને નંદીશાળાઓ હોવા છતાં આજે પરિસ્થિતિ વિષમ થતી જાય છે. ઘટતા જતા ગૌચરો અને ખેતીનું યાંત્રિકીકરણ, ખેડૂતો અને ગોપાલકોની આર્થિક સંકળામણ, બદલાતી માનસિકતા, આધુનિકતા અને પશ્ચિમી સંસ્કૃતિના પ્રભાવને કારણે ગૌ વંશને એક પશુમાત્ર અને આહાર નું સાધન સમજવાની વૃતિ જોવા મળે છે. ગૌ સેવાને આપણે ફક્ત ધાર્મિક, ક્રિયાકાંડ બનાવી દીધી છે. ગાયનું ખરું મહત્વ ; આર્થિક, સામાજિક અને આધ્યાત્મિક ઉપયોગિતા; ગાયનું કૃષિ ,આરોગ્ય અને પર્યાવરણ નું વિજ્ઞાન, વર્તમાન યુગમાં તેની પ્રાસંગિકતા ભુલાઈ ગઈ છે. ગૌશાળા – નંદીશાળા – પાંજરાપોળ માં ડોનેશન આપી કે એક રોટીથી પુણ્ય કમાઈ પાપોને ધોઈ નાખવાની અધુરી શ્રદ્ધાથી ગૌસેવાને ખૂબ જ નુકસાન થયું છે.

સમાજ શ્રેષ્ઠીઓ ગૌ શાળા, પાંજરાપોળ અને નંદીશાળા ની આત્મનિર્ભરતા માટે આગળ આવે :

હવે સમાજ શ્રેષ્ઠીઓ, દાતાઓ, ગૌ સેવકો, ગૌરક્ષકો, જીવદયાપ્રેમીઓ, ખેડૂતો, ગૌપાલકો અને આમ જનતા એ આગળ આવી ગૌ શાળા ,પાંજરાપોળ અને નંદીશાળા ના સ્વાવલંબન માટેની ચેલેન્જ ઉપાડી લેવાની આવશ્યકતા છે. ગુજરાતની દાનપ્રિય જનતા આ બાબતે પાછીપાની નહીં કરે. જનભાગીદારીના અનેક ઉત્કૃષ્ટ ઉદાહરણો ગુજરાતે પૂરા પાડયા છે. આવી જ ઉત્સુકતા, સેવાભાવના, શ્રમ સાધના અને કર્તવ્યપરાયણતાના દર્શન કરાવી ગૌસેવાને રાષ્ટ્ર ધર્મ સમજી વિશેષ જવાબદારી સાથે નાત - જાત , ધર્મ સંપ્રદાયના ભેદ ભૂલી, આ દૈવી કાર્યમાં સાથ આપી, પુણ્ય કમાવાની તક ઝડપી લેવાનો સુઅવસર પ્રાપ્ત થયો છે. ગુજરાત આ દ્રષ્ટિએ દેશમાં ગૌ સ્વાવલંબનનું રોલ મોડેલ રાજ્ય બની શકે તેવી ઉચ્ચ સંભાવના આ ધરતીમાં પડેલી છે.

સામાજીક સંસ્થાઓ, ધાર્મિક સંપ્રદાયો, રાજનૈતિક આગેવાનો આગળ આવે અને બાકી રહેતા નિરાધાર પશુધનને સાચવશે તો સરકાર તેમને પણ એ જ ધોરણે જમીન અને આર્થિક સહાય ફાળવશે. સંસ્થાઓએ નિયમાનુસાર વહીવટી પારદર્શીતાના દર્શન કરાવવા પડે. ક્ષમતા મુજબ વધારાના નિરાધાર ગૌવંશને સમાવવાની તૈયારી રાખવી પડશે.

ગૌશાળા, પાંજરાપોળ અને નંદીશાળા પ્રત્યે સામાજીક સંસ્થાઓનું કર્તવ્ય :

ભારત સરકારે પ્રાકૃતિક ખેતીને મહત્વ આપ્યું છે. પ્રાકૃતિક ખેતીમાટે ગાયનું ગોબર અને ગૌ-મૂત્ર મુખ્ય ઘટક છે. સ્વસ્થ નીરોગી સમાજ માટે, કોરોના, કેન્સર જેવી જીવલેણ બીમારીઓમાંથી બચવા માટે ઝેરમુક્ત ખોરાકની આવશ્યકતા સમજાતી જાય છે, ત્યારે દરેક ગૌશાળા, પાંજરાપોળ અને નંદીશાળા નાની કે મોટી, આર્થિક ક્ષમતાના આધારે બાયોફર્ટીલાઈઝર અને બાયોપેસ્ટીસાઈડના સાદા સરળ પ્લાન્ટ પોતાની ગૌશાળા,પાંજરાપોળ અને નંદીશાળાના કેમ્પસમાં જ ઉભા કરી શકશે. આ માટે જરૂરી મશીનરી વસાવવાની રહેશે. સ્વસહાય મહિલા જૂથો અને સામાજિક રચનાત્મક સંસ્થાઓ ને જોડી મહિલાઓ અને યુવાનોને સ્કીલ ડેવલપમેન્ટ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્રો, છ્સ્છ, ઈદ્બફરૂ દ્વારા ટ્રેનીગ આપી ''મેઈક ઈન ઈન્ડિયા'' કન્સેપ્ટ હેઠળ ગૌશાળા,પાંજરાપોળ અને નંદીશાળા ના મોડેલ તૈયાર કરવાના છે. આ ખાતર ગામમાં જ ઉપયોગમાં લેવાઈ જાય. ઈકો ફ્રેન્ડલી ઉત્પાદો દ્વારા ''ગ્રીન ઈન્ડીયા'' અભિયાનને પુષ્ટિ મળશે.

મોટા પાયે રોકાણ કરી શકે તેવી સંસ્થાઓ ગોબર ગૌમૂત્રમાંથી બાયોગેસ, સીએનજી પ્લાન્ટ, ફાર્માસ્યુટીકલ પ્રોડક્ટ બનાવી શકશે. નાના પાયે ગૌમુત્રમાંથી ફિનાઈલ, ગૌમૂત્ર અર્ક, સાબુ, કીટનિયંત્રક અને ગોબરમાંથી ઉબટન,ઈંટો, ટાઈલ્સ,ગૌમય પ્રોડકટસ જેવી કે ગૌ કાષ્ઠ, કાગળ , કલર, પેઈન્ટ,દેવ - દેવતાઓની મૂર્તિઓ, ટેબલ પીસ,નેઈમ પ્લેટ, ફોટો ફ્રેમ, માળા, રાખડી, ધુપબતી, દીપ,હવન સામગ્રી, નર્સરીના કુંડા – ગમલા, ઘડીયાળ, કી-ચેઈન જેવી અનેક ઘર ઉપયોગી આઈટમો બનાવી મોટા પાયે નવી રોજગારીનું સર્જન કરી શકશે.

સરકાર દ્વારા અન્ય આવશ્યકતાઓની પૂર્તિ :

જે હયાત ગૌશાળા,પાંજરાપોળ અને નંદીશાળા ખરાબામાં પેશકદમી રૂપે ચાલી રહે છે, તેને કાયમી ધોરણે ૯૯ વર્ષના લીઝ પેટે આપવાની આવશ્યકતા છે. આમ પણ આવી ગૌશાળાઓ, પાંજરાપોળ અને નંદીશાળા વર્ષોથી ગૌસેવકો અને દાતાઓ દ્વારા સ્વૈચ્છિક ધોરણે ચાલે છે. આ દબાણ ખાલી કરાવી શકાય તેવી શક્યતાઓ છે નહીં. આમેય તેઓ તો સરકારની જવાબદારી નિભાવી રહ્યા છે. પરોપકારનું કાર્ય નિસ્વાર્થ સેવા ભાવે કરી રહ્યા છે. ત્યારે માનવીય અભિગમ અપનાવ્યો જ રહ્યો ! ગ્રામ્ય સ્તરે ઢોરવાડા માટે ભાડા પટે જગ્યા આપવાની મહેસૂલ અધિનિયમ ૩૮ માં જોગવાઈ છે. ગૌચર, જંગલ અને ખરાબાની પર્યાપ્ત જમીન પણ ઉપલબ્ધ છે.

આ ઉપરાંત ગૌશાળા,પાંજરાપોળ અને નંદીશાળામાં અન્ય સુવિધાઓ જેવી કે ગૌવંશ માટે શેડ, ઘાસ ગોડાઉન, પાણી માટેના બોર, કુવા, હવાડા, ટાંકા, ગમાણ, સ્ટાફ ક્વાર્ટર્સ, ફેન્સીંગ, દિવાલ વગેરે માટે સરકારના લગભગ બધા જ વિભાગોમાંથી અલગ-અલગ ગ્રાન્ટમાંથી શક્ય તેટલી વધુમાં વધુ ગ્રાન્ટ; સૅ.., સ્ન્છ ગ્રાન્ટ અને અન્ય ડોનેશન, કોર્પોરેટ અને ઉદ્યોગ ગૃહોઓના ઝજીઈ, શ્રમદાન, ઘાસ દાન, ગૌચર વિકાસ અને ગૌ ઉત્પાદોની આવક માંથી ઊભી કરી શકાશે. જન-ભાગીદારીના અનેક ઉદાહરણો મોજૂદ છે લોકોના દાનની સરવાણી ખૂટતી જ નથી. દરેક ગૌશાળા, ગ્રામ સમિતિ અને તાલુકા જિલ્લાના અધિકારીઓ, પદાધિકારીઓ ના સમન્વયથી આ કામ સુપેરે પાર પાડી શકાય તેમ છે.

ગ્રામ્ય વિસ્તાર માટે આયોજન :

ગ્રામ્ય સ્તરે નાની-નાની ગૌશાળા,પાંજરાપોળ અને નંદીશાળા કાર્યરત છે. તેની જમીન કાયદેસર કરી વધારાની સુવિધાઓ ઉપર જણાવ્યા મુજબ પૂરી કરવી. નવી ગૌશાળા,પાંજરાપોળ અને નંદીશાળા માટે ગામડા તૈયાર થાય તો તેમને પણ એ જ રીતે જમીન ફાળવી, સામાજિક સંસ્થા સાથે જોડી શકાશે.

તાલુકા કે જિલ્લા સ્તરે મોટી ૧૦૦ થી ૧૦૦૦ ગૌવંશ સુધીની ગૌશાળા, આભાર - નિહારીકા રવિયા પાંજરાપોળ અને નંદીશાળા જીઁઝછ/છઉૈંની જિલ્લા કમિટીના માધ્યમથી કલેકટરશ્રીની દેખરેખ નીચે ઉભી કરી, સામાજિક સંસ્થાઓને સંચાલન માટે જોડીઁ મોડેલ ઊભું કરી શકાય.

૧૦૦૦ થી વધુ ૫૦૦૦ સુધીના ગૌવંશ માટે કોઈ મોટા ઉદ્યોગ ગૃહો, સામાજિક-ધાર્મિક, રચનાત્મક સંસ્થાઓ તૈયાર થાય તો બન્નીના રણ, જંગલ સિવાયની જંગલ ખાતાની જમીનો, વીડી, સરકારી ખરાબાઓ, સરકારી ફાર્મ વગેરે ̈ ધોરણે ફાળવી શકાય. આમ બહુ આયામી વિકલ્પો ખુલ્લા રાખી સ્વાવલંબી, આત્મનિર્ભર મોડેલ ઉભા કરવા માટે જરૂરી વ્યવસ્થા સરકાર ગોઠવે તો ''રખડતા પશુ મુક્ત ગુજરાત'' ની કલ્પના સાકાર કરવી જરા પણ અઘરી નથી.

ગૌશાળા,પાંજરાપોળ અને નંદીશાળા રખડતા ગૌવંશના ગોબર-ગૌમુત્રમાંથી વિવિધ ઉત્પાદનોના માઈક્રો, મીડીયમ અને કોર્પોરેટ લેવલના સ્ટાર્ટ અપ અને ગૌ ઉદ્યોગ ગૃહો સ્થાપી અત્યાર સુધી વણખેડાયેલા ક્ષેત્ર દ્વારા આર્થિક સમૃદ્ધિના દ્વાર ખોલી શકાય તેમ છે. સરકારની વિવિધ યોજનાઓ કાર્યરત છે. તેનું સંકલન કરી શ્રેષ્ઠ પરિણામ મેળવી શકાય. રખડતો ગૌવંશ વિનામૂલ્યે મળી શકશે. ગોબર - ગૌમુત્ર નું વેલ્યુ એડીશન કરી ''ગોબર થી ડોલર'' કમાવાની ક્ષમતાને સાકાર કરી શકાય તેમ છે. આ માટે મોટા ઉદ્યોગ ગૃહો, ધાર્મિક સંપ્રદાયો, પંચાયતીરાજ સંસ્થાઓ,સહકારી સંઘો, માર્કેટીંગ યાર્ડ, ડેરી જેવી સંસ્થાઓ એ જવાબદારી લેવા આગળ આવવું પડશે. બનાસ અને સુમુલ ડેરી તેના ઉદાહરણો છે.

સરકારી વિવિધ યોજનાઓમાં ગૌ ઉત્પાદનોનો સમાવેશ કરવાનો રહેશે. સ્જીસ્ઈ, હ્વકૈંઝ, એગ્રો ઈન્ડસ્ટ્રીઝ, ઈફકો, કૃભકો, ગુજકોમાસોલ જેવી સંસ્થાઓને માર્કેટીંગમાં જોડી, સરકારના ''જેમ'' પોર્ટલ માં ઉમેરો કરાવી વેચાણ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

ગ્રામ્ય, તાલુકા, શહેર અને રાજ્ય સ્તરીય કમિટિઓ બનાવી સંપૂર્ણ યોજના સુચારૂ રીતે ચાલે તે માટે સામાજીક, ધાર્મિક, રાજનૈતિક આગેવાનો , સ્વયં સેવકો, દાતાઓ, શ્રેષ્ઠીઓ અને સરકારી અધિકારીઓનો સમાવેશ કરવો જરૂરી છે.

? શહેરી વિસ્તાર માટે આયોજન :

શહેરી સતા મંડળ વિસ્તારમાં સમાવિષ્ટ ગૌચર, ખરાબાની જમીનનો ઉપયોગ કરી, ક્લીન સીટી, ગ્રીન સીટી, હેલ્થી સીટીની વિવિધ પર્યાવરણ અને અર્બન ડેવલપમેન્ટ વિભાગ ની ગ્રાન્ટ, દાતાઓ અને ઉદ્યોગગૃહોના દાન દ્વારા આદર્શ સ્વાવલંબી ગૌશાળા,પાંજરાપોળ અને નંદીશાળા મોડેલ જન ભાગીદારી થી સ્થાપી શકાય.

શહેરના રાજ માર્ગો – રોડ - શેરીઓમાં ઘૂમતા ભટકતા વાછરડી, વાછરડા, ખૂંટીયા, બળદો, નંદી, વૃષભ ને તાત્કાલિક ધોરણે પકડી, આશ્રય સ્થાન આપી, ખસીકરણ કરવાનું કાર્ય નગરપાલિકા કે કોર્પોરેશને કરવું જરૂરી છે. માલિકીના પશુઓ માટે ફરજિયાત ટેગીંગ કરવું, અને જો રખડતા જણાય તો દંડની જોગવાઈ છે જ. માલધારીઓને ચોક્કસ જગ્યા ફાળવી ''એનિમલ હોસ્ટેલ'' ના કન્સેપ્ટને આગળ વધારવો પડશે. યા તો માલધારી વસાહત ઉભી કરવી જરૂરી બને. શહેરી વિસ્તાર માં ગામડાઓ ભળી જતાં અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીને જે તે ગામડાના ગૌચર, ખરાબા મળ્યા છે, જેનો ઉપયોગ કરવો જોઈએ. સામાજિક સંસ્થાને જનભાગીદારી માં જોડવી જોઈએ

? ''આત્મનિર્ભર ભારત'' તરફ નો પ્રયાસ :

આ બધા કાર્યો માટે સરકારી વિભાગોમાં વિવિધ ક્ષેત્રે કાર્યની શરૂઆત થઈ છે. એકંદરે સરકારના વિવિધ વિભાગોના સંકલન અને જન ભાગીદારી દ્વારા ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ'' સૂત્ર સાર્થક થશે

અંતમાં, ગાયને આર્થિક ઉપાર્જન સાથે જોડી ગૌશાળા, પાંજરાપોળ અને નંદીશાળા ને ગૌ કૃષિ અને ઉદ્યોગ સાહસિકતાના મોડ્યુલમાં રૂપાંતરિત કરી આત્મનિર્ભર, સમર્થ, સશક્ત, સ્વસ્થ, સ્વદેશી, સમૃદ્ધ, સુખી, સ્વાવલંબી અને સંસ્કારી રાષ્ટ્રના નિર્માણમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને સાકાર કરવામાં સૌ નિમિત્ત બનીએ. સૌ આ તકને પોત પોતાના સ્તરે ઝીલી લઈને ગૌ સેવાના પુણ્ય કાર્યમાં સહભાગી થવાનો સંકલ્પ કરીએ. ''ઝાઝા હાથ રળિયામણા'' કહેવતને સાર્થક કરીએ.

ડો.વલ્લભભાઈ કથીરિયા
પૂર્વ ચેરમેન રાષ્ટ્રીય કામધેનુ આયોગ, પૂર્વ કેન્દ્રીય મંત્રી, ભારત સરકાર.

**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-**
**આયોજક : પ્રદીપ રાવલ**




## NOG SS NO 0037

વિષય - સવાર..સાંજ.... રાત ...
શીર્ષક - એક રાત......!
પ્રકાર - પદ્ય.
શબ્દ - ૧૦૧

સવાર કરે છે સવાલ,
પાંપણમાં કોણ છુપાયું...?
કેમ, રોજ ઉજાગરા થાય... ?

મંદ મંદ સ્મિતે પ્રત્યુત્તર આપ્યો,
એક રાત જાગવા જેવી હતી,
વાત તેની સાંભળવા જેવી હતી.

જાણે રણમાં ફૂલ ખીલ્યું,
સોબત તારા સ્નેહની હતી,
લજજાથી, ચાંદની કહે ચાંદને.

કહે, ધરા ગગનને, નામ ના સરનામું,
ઓળખ પણ આંખની...!
ક્ષણભરનો સથવારો જગાડી ગયો.

અંતરે હોવા છતાં અંતરમાં મહેંકે,
મૌનની ભાષા આત્મસાત્ થાય,
સ્નેહથી સમજ ભર્યો સ્પર્શની અનુભૂતિ થાય.

એક રાત જાગવા જેવી હતી,
વાત તેની સાંભળવા જેવી હતી.
આંખ ખુલતાં હકીક્ત કઈક જુદી જ હતી.
હેમલતા દિવેચા 'હેમ ' જૂનાગઢ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOG SS No- 162

વિષય - રાત પછી એક સવાર
શિષઁક - સોનેરી સવાર
પ્રકાર - પધ , શબ્દ- ૬૦
નામ - ??. રેખા નાકરાણી
નવી મુંબઈ . ??

રચનાપ.

ઉગતો સૂરજ લાવ્યો સોનાની સવાર રુમઝુમ કરતી આવી એક સવાર.

ઉગમણા આભમાં લાલીમાં છવાય વાદળ પાછળ ડોકાતો સૂરજ લાવી એક સવાર.

ધરતી પર પ્રકૃતિનો સળવળાટ સાથે ઉગી સોનેરી આભા લાવી એક સવાર.

ધરતીએ ઓઢી છે નવરંગ ચુંદડી
કર્યો દુલ્હનનો શણગાર પવનનું સંગીત લાવી એક સવાર.

અલ્પ સમય રહ્યો પ્રકાશ અને અંધકારનો લીધો છે સાથ રાત પછી એક સવાર.

ઉગે તે આથમે. પાન ખર પછી
વસંતનો વૈભવ. સુખ પછી દુઃ ખ
કુદરતનો છે નિયમપ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOG SS NO. 193

વિષય - સાંજ પછી રાત
શિર્ષક - હળવે હળવે
પ્રકાર - પદ્ય
શબ્દો - ૫૬

સાંજ પછી અંધારું જામે છે હળવે હળવે..
સપના તારા આંખોમાં જાગે છે હળવે હળવે..

આદત છે મારી, તને પળ પળ રટવાની..
તારી યાદોનાં ઝાટકા વાગે છે હળવે હળવે..

દરિયા કિનારે ચાંદ જોને કેવો શરમાય છે..
દિલ ભીંજાઈ પ્રેમમાં ભાગે છે હળવે હળવે..

અક્ષરો મારા ટોળે વળે છે શબ્દો થૈ..
ગઝલ બની નાચવા લાગે છે હળવે હળવે..

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOGSS NO : 232

વિષય : રાત પછી સવાર થઈ
શિર્ષક : હું જાગી ગયો
પ્રકાર: કાવ્ય - અછાંદસ
શબ્દ : ૬૨
નામ : અશ્વિન જાની

હું જાગી ગયો....

રાત પછી એક સવાર થઈ ગઈ.
ઉગમણે થોડી લાલાશ થઈ ગઈ.
સકળ સૃષ્ટિ માં ચહલપહલ મચી ગઈ.

હું હતો તંદ્રામાં.
ચાલતો હતો.
ભગવાન મલ્યો.
"તુ અહીં શું કરે છે
તારી સૃષ્ટિ કોના ભરોસો મૂકી છે?"
ખખડાવી નાંખ્યો.
એ મલકાયો...
"જાગી ને જો"

બસ,
હું જાગી ગયો.
બધું સ્વપ્નવત.

રાત પછી એક સવાર થઈ ગઈ
ઉગમણે થોડી લાલાશ થઈ ગઈ

અશ્વિન જાની।।૧૪ મે ૨૦૨૪

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOGSSN:228

વિષય: રાત પછી સવાર
પ્રકાર: પદ્ય
શીર્ષક: હચમચાવે છે!
લેખક/કવિ: ભાનુપ્રસાદ રાજન ,કપડવંજ
શબ્દો ૯૨

.એક રાત અનેક શમણાં લઈ ને આવે છે
નસીબ મારા ઘર આગળ ફૂલડાં બિછાવે છે.

ખૂબ મહેનત કરી છતાં ગાડી આગળ જતી નથી,
મદદ માટે બોલવું છું ક્યાં કોઈ મદદે આવે છે?

ખૂબ અમે રડ્યા છે આંસુ જ્યાં જ્યાં પડ્યા છે!
ભયંકર એ સમય હતો ,આજેય હચમચાવે છે!

હાથરૂમાલ તો ઠીક "રાજન"ઓશિકા ય ભીંજાયા છે.
દિવસ હોય કે રાત જિંદગી ગજબ કસોટી કરાવે છે

જે થયું એ સદભાગ્ય મારું નસીબને ન દોષ દઉં!
સુખને કહું છું વેલકમ ,સુખ મારી પાસે ક્યાં આવે છે!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOG SS No.: 177

વિષય: રાત પછી સવાર
પ્રકાર: પદ્ય
શીર્ષક: ઈન્તેઝાર ની રાત
લેખક : નેહા મયુર "રાધા"
શબ્દો : ૫૯

ફરી વીતી ગઈ એક સાંજ એમની રાહમાં,
આવશે એક નવી સવાર એમના આગમનની ચાહમાં.

ખબર છે નથી આવ્યા ને નથી આવવાના,
તો પણ વીતે છે દરેક રાત એમના જ ઈન્તેઝારમા.

નથી કર્યો કોઈ વાયદો એમણે પ્રણયની વાતમાં,
છતાં દિલમાં અરમાન છે એમની જ મુલાકાતના.

થાક હતો આંખોમાં રાતના ઉજાગરાનો,
અને કહી ગયા એ સપના સાચા પડે છે પાછલી રાતના.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOG SS No:-226

વિષય: દિવસ પછી એક રાત
શિર્ષક:- વેદના
પદ્ય:-
વેદના
?
?પડી મોટી ફાટઉંડી પાછી હૈયાનાં હાટડે
ઊગ્યો કાં આ રવિ રુદ્ર ફરીથી આ ટાણે

પડશે જાવું કોક શેઠે ને કરવી કૈંક સલામો
કે તેમાં નિત્ય ખાતા ભાગ અડધાં દલાલો

શું ત્યાં થાશે એ કચકચ દઈશ બે હું આજે
કે જા પાછો શેઠ બીજે જ્યાંથી પાંચ તું પામે

અને તેમાંએ આપું અડધા બાકીનાં કૈં કાલે
જ્યાં ન પામું હું જ આખું કહેતો આંખ લાલે

લાચારીથી સહેતાં શરતો કરતો મુંડ નીચે
પડ્યાં છે જે પેટ મારે તે જઠરાગ્નિ કૈંક ઠારે

રૂદ્ર રવિને નિત્ય પૂજું નિત્ય કર્મ એ જ લાગે
પામું બટકું બચકું રોટી ડૂબતી સંધ્યા ટાણે

એજ ગાડુ, શાળો, ભઠ્ઠા હાથ જે જે છે લાગે
એજ લગની,એજ આરામ,એજ સ્વર્ગ લાગે

એજ પાછાં કાળ પૈડાં,ને એજ જીવ ભિંસાશે
નિત્ય મરવું, નિત્ય જીવતાં રૂદન શાને આવે!

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## NOG SS NO - 199

વિષય:- સવાર પછી સાંજ

શીર્ષક:- "સંધ્યા અને ઉષા"
પ્રકાર :- પદ્ય ગઝલ
શબ્દ:- ૭૭

તારલા ટોળે વળ્યાને રાત થામી ગઈ,
સંધ્યા અને ઉષા રાતની વાત પામી ગઈ.

સવાર પછી સાંજને સાંજ પછી સવાર,
વચમાં રઢીયાળી રાતની ઘાત પામી ગઈ.

સૌદર્ય જોવુ હોય તો સવારનુ જોઈ લે,
ઉષાને સંધ્યામાં સમંદર સાત પામી ગઈ.

સંધ્યા સંગાથે સ્નેહ, ઉષા સંગાથે આનંદ,
રાત રગ રગ માં નભની ભાત પામી ગઈ.

સવાર,સાંજને રાત એ સન્નારી ઓ સારી,
નારાયણનુ નિર્માણ નારી જાત પામી ગઈ.

અવનીમાં ય અમૃત આકાશમાં ય અમૃત,
સવાર, સાંજને રાતની કાયનાત પામી ગઈ.

અમૃત શ્રીમાળી - મહેસાણા




# માબાપનાં સંસ્કાર

વહેલી સવારે ઓરડામાં પ્રવેશતાં જ આકાશ માલતીને જગાડવા બૂમો પાડવા લાગ્યો.

"ભેંસોને પાણી પીવડાવવાનું છે હજુ કેમ જાગી નહીં.માલતી ઓ માલતી..."

આ શબ્દો માલતીના કાનમાં ગુંજતા સફાળી બેઠી થઈ ગઈ. જાગીને જોયું તો ફરી એ જ કંકાસભરી જિંદગી સામે દેખાઈ આવી.

પરણીને સાસરે આવી ત્યારથી લઈને આજ સુધી નિરાંતે સૂવા નથી પામી. આનંદ આમ તો બહુ ઝાઝું ભણેલો નહોતો. ઘરબાર ઠીકઠાક હતું. માલતીને પાંચ વરસની મૂકીને એનાં પપ્પા સ્વર્ગે સિધાવી ગયા હતા.માલતીની મમ્મી વિધવા થયા ત્યાર પછી માલતી અને એનાં ભાઈને હેનત મજૂરી કરીને મોટાં કર્યાં. મામા મામી પણ બહુ સાથ ન આપે તોય એમને ત્યાં જેમતેમ મોટી થયેલી માલતી હવે જુવાન થઈ હતી. એનું સૌંદર્ય સૌ કોઈને પ્રથમ નજરમાં ઘાયલ કરી દે એવું અદ્ભુત હતું. સાદગી અને હસમુખો સ્વભાવ સૌને ગમી જાય એવો હતો.

માલતીએ પોતાનાં ભાવિ પતિ વિશે કેવાં કેવાં સપનાં જોયેલાં પણ એને ક્યાં ખબર હતી કે, નસીબમાં કંઈ અલગ જ લખાયું હતું. છોકરી જુવાન થાય તો સહજ આકર્ષણ અનુભવે એવું માલતી સાથે પણ બન્યું. એમનાં ફળિયામાં મામાની બાજુમાં જ મિતેષ નામનો છોકરો હતો. સારો એવો દેખાવડો લાગતો હતો.વળી માલતીની નાતનો જ હતો. એ રોજ ઘર સામે ઊભો રહી માલતીને જોયા કરતો.એ સમયે માલતી બારમા ધોરણમાં ભણતી હતી.એને પણ સ્ત્રીસહજ આકર્ષણ થઈ ગયેલું.મનોમન માલતી મિતેષને ચાહવા પણલાગી હતી.માલતી તો એની સાથે લગ્ન કરવા માંગતી હતી. એકવાર બજારમાં બંને મળેલાં ત્યારે માલતીએ મિતેષને લગ્ન માટે પૂછ્યું પણ મિતેષે એને લગ્નની ના પાડી દીધી. ત્યારે જ એનાં બધાં જસપનાંઓ તૂટી ગયાં હતાં. તોય ભાવિ પતિ તો સારો હશે જે અનહદ ચાહશે એ આશાએ મહાદેવને પ્રાર્થના કરતી? રહેતી.

હવે, માલતીની સગાઈની વાત ચાલવા લાગી અને કમનસીબે અણગમતા આકાશ સાથે લગ્ન કરવાંપડ્યા.લગ્નનો તો કોઈ જ ઉત્સાહ નહોતો. એ તૈયાર પણ ન થઈ. અરે, તૈયાર તો શું એણે પોતાનું મોં પણ અરીસામાં ન જોયું.લગ્નની પહેલી રાતે જ્યારે આકાશ નજીક આવ્યો ત્યારે એનો સ્પર્શ પણ કાંટા જેવોલાગ્યો હતો.આમ ને આમ બે મહિના પસાર થયા.પછી આકાશે પોતાના મમ્મીને અને માલતીનાં માસીને વાત કરી. માલતીનાં માસા, માસીએ માલતીને પ્રેમથી સમજાવી અને પોતાના માબાપનાં ★સંસ્કારને★ લીધે કમને પણ આકાશને જીવનમાં અપનાવી લીધો.

પણ, હવે તો આકાશને છૂટો દોર મળી ગયો.વાતવાતમાં ગુસ્સે થયા કરે, માલતીને હેરાન કરે તોયે તે મૂંગેમોઢે સહન કરતી રહી.

સમય જતાં પહેલાં ખોળે દીકરી જન્મી. ઘરની હાલત ખરાબ હતી.આકાશ કોઈ કામ કરે નહીં અને ખેતીવાડીની આવક બહુ નજીવી. માંડમાંડ ઘર ચલાવે.માલતીએ પાપડ વણવાનું શરૂ કર્યું અને ટ્યુશન ચાલુ કર્યાં. આમ આર્થિક રીતે સહકાર આપવા લાગી.એક પ્રાઈવેટ શાળામાં નોકરી કરવા લાગી. પણ,આકાશને કોઈ જ કદર ના થઈ. ઉપરથી ભેંસો માટે બેંકમાંથી લીધેલ લોન માટે ઉધારે પૈસા લાવીલાવીને દેવું કરી નાખ્યું.

હદ તો ત્યારે થઈ જ્યારે બીજી વાર પ્રેગ્નન્સીમાં માલતીને હોસ્પિટલમાં એડમિટ કરવા આકાશ પાસે પૈસાન હતાં. આ તો માલતીએ થોડાંથોડાં કરીને પૈસા ભેગાં કરી રાખેલાં જે હોસ્પિટલમાં કામ આવ્યાં. માલતીની આવી હાલતમાં પણ આકાશે પૈસા ન આપ્યાં. એની મનોસ્થિતિ શું થઈ હશે એ યાદ કરતાં રૂંવાડાં ઊભાં થઈ જતાં . ઉપરથી આકાશને એમ હતું કે, જો નોર્મલ ડિલિવરી થશે તો માલતી એને લોન ભરવા પૈસા આપશે. આવી વાત જાણીને માલતી એના સ્વર્ગવાસી પપ્પાને યાદ કરી ઓશીકે માથું મૂકીને ખૂબ જ રડી. આટલું દુઃખ સહન કર્યું તોયે આકાશનું ઘર ના છોડ્યું. એ એનાં માબાપનાં ★સંસ્કાર★ જ હતાં. છેવટે, બધું ભૂલીને માલતી જાગીને ભેંસોનેપાણી પિવડાવવા લાગી.

★સંજય પ્રજાપતિ 'શિવાંશ' મુન્દ્રા, કચ્છ.★

## સુરતના એશ્વર્યા ગ્રૂપ સહિતના સ્થળો પર ૫ દિવસ બાદ તપાસ પૂર્ણ, ૪૦૦ કરોડના દસ્તાવેજો મળ્યા!

સુરત,તા.૧૫

સુરતમાં આવકવેરા વિભાગે મોટી કાર્યવાહી કરી ટેક્સટાઈલ ક્ષેત્રના જાણીતા ઐશ્વર્યા ગ્રૂપ સહિતના વિવિધ સ્થળે દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. ગ્રૂપના વિવિધ સ્થળે ૫ દિવસ સુધી ચાલેલી આ તપાસ હવે પૂર્ણ થઈ છે. તપાસ દરમિયાન ૪૦૦ કરોડના દસ્તાવેજો મળી આવ્યા હોવાની માહિતી છે. ઉપરાંત, ૨૦ બેંક લોકર, ૪ કરોડથી વધુની રોકડ અને કરોડાના દાગીના જપ્ત કરી આગળની તપાસ હાથ ધરાઈ છે. સાથે જ જપ્ત કરાયેલા ઇલેક્ટ્રોનિક્સ ગેજેટ્સના તપાસ માટે ફોરેન્સિક એક્સપર્ટ બોલાવાશે.

સુરતમાં ટેક્સટાઈલ ક્ષેત્રે જાણીતા ઐશ્વર્યા ગ્રૂપ સહિતના વિવિધ ૫ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. ૧૦૦ થી વધુ કર્મચારીઓ અને અધિકારીઓની આવકવેરા વિભાગની ટીમ લગભગ એક સાથે જ ૫ જગ્યાએ આ દરોડા પાડ્યા હતા અને આર્થિક નાણાકીય વ્યવહારોની તપાસ હાથ ધરી હતી. સતત ૫ દિવસ સુધી કાર્યવાહી કર્યા બાદ હવે તપાસ પૂર્ણ થઈ છે. દરમિયાન, તમામ સ્થળો પરથી રૂ. ૪૦૦ કરોડના દસ્તાવેજો મળી આવ્યા છે. ઉપરાંત, ૨૦ બેંક લોકર, ૪ કરોડથી વધુની રોકડ અને જ્વેલરી જપ્ત કરાઈ છે, જેની તપાસ હાથ ધરાશે. માહિતી મુજબ, આવકવેરા વિભાગની ટીમો દ્વારા ગ્રૂપના એસ એન ટ્રેડ લિંક, આદર્શ કોલ, તરણજ્યોત કોલ, વરેલીની એશ્વર્યા ડાયમંડ પર સર્ચની કાર્યવાહી હાથ ધરાઇ હતી.

અહેવાલ અનુસાર, આવકવેરા વિભાગની ટીમોને કાર્યવાહી કરી જમીન ખરીદી-વેચાણ, જમીનમાં રોકાણ, શેર માર્કેટમાં રોકાણ સહિતના દસ્તાવેજો મળી આવ્યા છે. સાથે જ ખર્ચો વધારવા માટે બિલ પણ ખરીદવામાં આવ્યા હોય તેવી આશંકા વ્યક્ત કરાઈ છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે તમામ હિસાબો કોર્ડમાં રાખવામાં આવતા હતા. હિસાબોની તપાસમાં મોટાપાયે બેનામી વ્યવહારો મળવાની શક્યતા છે.

## બ્રિટનમાં ગ્રેજ્યુએટ રૂટ વિઝા બંધ થશે, ૯૧ હજાર ભારતીયને પ્રવેશ નહીં મળે

બ્રિટનની ઋષિ સુનક સરકાર ભારતીય વિદ્યાર્થીઓને મોટો ઝટકો આપવાની તૈયારી કરી રહી છે. સરકારની માઈગ્રેશન એડવાઈઝરી કમિટીએ ગ્રેજ્યુએટ વિઝા રૂટ બંધ કરવા માટે સત્તાધારી કન્ઝર્વેટિવ પાર્ટી થિંક ટેક્ક ઓનવર્ડ સાથે એક અહેવાલ સહ-લેખિત કર્યો છે. સુત્રો પાસેથી ભાસ્કરને મળેલી માહિતી મુજબ મંગળવારે સુનક કેબિનેટમાં અહેવાલ રજૂ કરવામાં આવશે. એની જોગવાઈઓ અનુસાર, દર વર્ષે લગભગ ૯૧ હજાર ભારતીય વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએશન રૂટ દ્વારા વિઝા પ્રવેશ મેળવી શકશે નહીં.

હાલમાં દર વર્ષે લગભગ ૧ લાખ ૩૦ હજાર ભારતીય વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએશન વિઝા રૂટ દ્વારા બ્રિટનમાં પ્રવેશ મેળવે છે. ૩૯ હજાર ભારતીય વિદ્યાર્થીઓને જ વિઝા આપવામાં આવશે. તમને જણાવી દઈએ કે ૨૦૨૧ માં શરૂ થયેલ ગ્રેજ્યુએશન વિઝા રૂટ ભારતીય અને અન્ય આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને તેમના માસ્ટર્સનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી બે વર્ષ સુધી બ્રિટનમાં રહેવા અને કામ કરવાની મંજૂરી આપે છે.

## સમગ્ર દેશમાં પ્લાસ્ટિક મુક્ત વાતાવરણનું નિર્માણ કરીએ : રાજેશ જે ભાતેલિયા

જો વ્યક્તિ ઈચ્છે તો બધું જ શક્ય છે આજે, દક્ષિણ ભારતમાં લગભગ દરેક જગ્યાએ, તમને પ્લાસ્ટિકની પ્લેટને બદલે કેળાના પાંદડાની પ્લેટ મળશે, જે પ્રકૃતિને અનુકૂળ છે. આપણે પણ પ્રયત્ન કરીએ સમગ્ર દેશમાં દક્ષિણ ભારતની માફક વ્યાપક પ્રમાણમાં કેળને પણ વાવીએ. અને તેનો ઉપયોગ દક્ષિણ ભારતની જેમ ભારતના અન્ય તમામ ભાગો પણ કરતા થાય .ઈચાલો સાયન્ટિફિક ઢબે્વૃક્ષો વાવીએ. અથવા કોઈ વાવતું હોય તો મદદ કરીએ. સાથે સાથે જુના કપડા નો ઉપયોગ કરી તેમાંથી થેલી બનાવી તેનો ઉપયોગ કરીએ.

દુકાનદારો, ફ્રુટ વિક્રેતાઓ પણ જુના કપડાનો ઉપયોગ કરી અને નાની મોટી થેલી બનાવી અને ગ્રાહકોને આપતા થાય.સ્વૈચ્છિક સંસ્થાઓ પણ શક્ય હોય તો જુના કપડા ભેગા કરી અને તેમાંથી થેલી બનાવી અને નજીવા દરે અથવા તો વિનામૂલ્ય અથવા તો પડતર ભાવે વિતરણ કરતા થાય . તો પ્લાસ્ટિક મુક્ત ભારત જલ્દીથી શક્ય બનશે. સાથે સાથે સરકાર દ્વારા જે લોકો પ્લાસ્ટિક ઉત્પાદન સાથે સંકળાયેલા છે

## ડાંગ જિલ્લા આહવા ખાતે સમર સાયન્સ હોબી કેમ્પ શરૂ થયો




આહવાઃ

ગુજરાત સરકારશ્રીના વિજ્ઞાન અને પ્રૌદ્યોગીકી વિભાગ, ગુજરાત સરકારની ગુજરાત કાઉંસીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, કચેરી, ગાંધીનગર પ્રેરિત પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર આહવા ડાંગ ખાતે તારીખ ૧૩ થી ૧૭ મે સુધી સમર સાયન્સ હોબી કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. ડાંગ સ્વરાજ આશ્રમના સભ્ય શ્રી કેતનભાઇ પટેલની અધ્યક્ષતામાં સમર સાયન્સ હોબી કેમ્પની શરૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સેવાધામ આહવાના સામાજિક કાર્યકર શ્રી છગનભાઇ ચોર્યા ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

સમર સાયન્સ હોબી કેમ્પમાં પ્રયોશા જીલ્લા લોક વિજ્ઞાન કેંન્દ્રના કોઓર્ડીનેટર શ્રી રતિલાલભાઇ સુર્યવંશીએ સહભાગીઓને કેમ્પના આયોજન વિશે જરૂરી માહિતી આપી હતી. સાયંસ કોમ્યુનિકેટર શ્રી સંજયભાઇ બાગુલ દ્વારા વિદ્યાર્થીઓને રોકેટ મોડેલ બનાવવાની રીત અંગે સમજણ આપી હતી. જે બાદ વિધ્યાર્થીઓએ જાતે જ રોકેટ બનાવ્યાં હતા. કાર્યક્રમનું સમગ્ર સંચાલન શ્રી સંજયભાઇ દ્વારા કરવામાંઆવ્યુંહતું.

## ડાંગમાં આવેલ ઘાણા જૂથ પાણી પુરવઠા યોજના માં અધિકારી દ્વારા સા માટે નિરાકરણ લાવવામાં આવતું નથી



જે કોઈપણ અધિકારી હશે તેઓને ડાંગના લોકોને પાણી નહિ મળે એવા આશય સાથે આ પ્રકારના કર્યો સા માટે કરવામાં આવી રહયા છે તે લોકોમાં અનેરો આશય અને અભિગમ સાથે વિચારી રહયા છે કે પાણી પુરવઠા વિભાગ મા જાણ કરી હોવા છતાં તેઓ દ્વારા પગલાં કેમ લેવામાં આવ્યા નથી. પાણી પુરવઠા અધિકારીઓને જાણ મા છે જ કે ડાંગમાં પાણી માટે લોકો વલખા મારી રહ્યા છે તો અમો કાંઈક પુણ્યનું કામ કરીએ પરંતુ ડાંગના અધિકારી ઓનું માનવું છે કે ડાંગના લોકોને હેરાન કરવામાં કોઈ કચાસ રાખવી નહિ કારણ કે અહીંયા કોઈ બોલશે નહિ તેઓના એવું મનમાં એવું વિચારી રહયા છે કે અમો લોકોને હેરાન કરશું તો અમારી બદલી થઈ જસી ચોક્કસ પણ એવુ વિચારી રહયા છે એવું લોકોનું માનવું છે

લોકો ચર્ચા તો એમ પણ છે કે જયારથી આ અધિકારી આવ્યા છે ત્યારથી લોકોના કામો ખોરંભે ચડયા છે લોકોના કામો કરવામાં માનતા નથી ખાલી પોતાના અને માનીતા કોન્ટ્રેક્ટરો ના કામો કરવા માટે ટેવાયેલા છે લોક ચર્ચા થઈ રહી છે હવે જોવાનું રહ્યું કે આ લીકેજ સુધારવામાં આવશે કે પછી ......?

સ્થાનિકોમાં એવું પણ થઈ રહ્યું છે કે આ અધિકારી કેવા છે જે લોકો પાણી માટે ટળવળે છે અને તેઓ એસી મા બેસી ને ખાલી વાતો ના વંટોળ કરે છે તેઓ દ્વારા એવું પણ ચોમાસામાં નિવેદન આપવામાં આવ્યું હતું કે ડાંગમાં એટલું પાણી છે કે ખૂટશે નહિ લોકો ચિંતા કરવાની જરૂર નથી પણ આ અધિકારી ને પોતાના ખિસ્સામાં કેટલું આવશે તેના સિવાય કશું જ સૂઝતું નથી એવું લોક ચર્ચા જોર પકડ્યું છે.




આજ રોજ જાયન્ટસ ગ્રુપ ઓફ કલોલના મનિષભાઈ કે. ગાંધી (મંત્રી) અને રાકેશભાઈ કે. પંડયા (પ્રમુખ) માર્ગદર્શન હેઠળ ગૌરવ સન્માન સમારોહ - ૨૦૨૪ ગુરુકુળ વિદ્યાલય કલોલ ખાતે યોજાયો. જેમાં દેશનું ઘડતર કરનારા ઘડવૈયાઓનુ ઉષ્મા ભર્યા સ્વાગત સાથે સંસ્થાના અગ્રણીઓ તથા સ્વામીજીના સાનિધ્યમાં દબદબાભેર શિક્ષકોને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. ખૂબ સરસ ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજાયો અને ગુજરાત ભરમાંથી ૧૦૦ શિક્ષકોને ગૌરવ પુરસ્કારમાં પ્રમાણપત્ર અને ટ્રોફી આપીને નવાજવામાં આવ્યા તેમજ પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

આ ગૌરવ પુરસ્કારમાં સુરતનાં શિક્ષિકા નયના જગદીશકુમાર સોલંકી "આંખો " નું શ્રી પુલકિત જોશી જેઓ મદદનીશ સચીવ, ગુજરાત અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના હસ્તે પુરસ્કાર અને ટ્રોફીથી સન્માન કરવામાં આવ્યું છે. જે ખરેખર પ્રશંસનીય છે. આ દેશની આન બાન અને શાન એ શિક્ષકો જ છે, જેથી તેમનું ગૌરવ એ જ દેશનું ગૌરવ ગણાય. નયના બેન જે. સોલંકી ને હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ.

## ભરઉનાળાની ઋતુમાં ડાંગ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ



ડાંગ આહવા સહીત ના આજુબાજુ ગામડા ઓમાં કમોસમી માવઠું વર્તાતા અહીની સ્થિતિ ચોમાસા જેવી ભાસી ઉઠી છે.ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં સતત ચોથા દિવસે પણ ગાજવીજ સાથે કમોસમી વરસાદ તૂટી પડતા ડાંગ ના ખેડૂતોમાં ભાગદોડ મચી જવા પામી હતી

ડ ા ં ગ જિલ્લાનાંઆહવા,ચીખલી,સુબિર,વઘઇ, સહિત પૂર્વપટ્ટી અને

સરહદીય પંથકોમાં વીજળીનાં કડાકા ભડાકા સાથે કમોસમી માવઠું વર્તાતા જાહેર માર્ગો પર પાણી પાણી ફરી વળ્યુ હતુ.અને ડાંગ જિલ્લાનાં પીપરી વિસ્તારમાં બરફનાં કરા સાથે કમોસમી માવઠું

પડ્યુ હતુ.ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં સતત ચોથા દિવસે

કમોસમી વરસાદ પડતા સમગ્ર પંથકોનું વાતાવરણ ચોમાસામય

બની જવા પામ્યુ હતુ. અને આહવા ખાતે દિવસ દરમ્યાન વાદળછાયુ વાતાવરણ અને બપોરબાદ કમોસમી માવઠું વર્તાતા. અને છેલ્લા ચાર દિવસથી સાપુતારા ખાતેનું વાતાવરણ ઠંડુગાર બની જતા ફરવા આવેલ પ્રવાસીઓનો ઉન્માદ બેવડાયો હતો.જયારે જિલ્લાનાં ખેડૂતો ચિંતાતુર બની જવા પામ્યા હતા.ડાંગ જિલ્લામાં કમોસમી માવઠાનાં પગલે ચાલુ વર્ષે ઉનાળુ પાકો તથા ફળફળાદી પાકોને જંગી નુકસાન થયુ હતુ.જેમાં ડાંગ જિલ્લામાં આંબાની વાડી ધરાવતા ખેડૂતોનાં આંબાનાં ફળ કમોસમી માવઠું અને પવનનાં સુસવાટાનાં પગલે પડી જતા ખેડૂતોને માથે હાથ દેવાનો વારો આવ્યો છે.

## ડાંગ જિલ્લાના વાસુરણા સ્થિત તેજસ્વિની સંસ્કૃતિ ધામને પ્રાચ્ય વિધ્યા સંસ્થા દ્વારા એવોર્ડ એનાયત



: આહવાઃ

પ્રકૃતિ, સંસ્કૃતિ, અને આધ્યાત્મિકતાનો ત્રિવેણી સંગમ રચતા ડાંગ જિલ્લાના વાસુરણા સ્થિત તેજસ્વિની સંસ્કૃતિ ધામને, પ્રાચ્ય વિદ્યા સંસ્થા દ્વારા બે જેટલા એવોર્ડ એનાયત એનાયત કરવામાં આવ્યાં છે. એસ્ટ્રોલોજરને પ્લેટફોર્મ પૂરૂ પાડતી છન્ન્જી ગૃપ દ્વારા અમદાવાદ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં, ડાંગ જિલ્લાના વાસુરણા સ્થિત તેજસ્વિની સંસ્કૃતિ ધામને પ્રાચ્ય વિદ્યા સંસ્થા દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

તેજસ્વિની સંસ્કૃતિ ધામના સંસ્થાપક બ્રહ્મવાદિની હેતલ દીદી અને આચાર્ય શ્રી કેતન દાદાએ, વૈદિક પુરાણમાં કરેલ સંશોધન અંગે તેમને પી.એચ.ડીની પદવી એનાયત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, આખા ભરતવર્ષમાંથી માત્ર ૨૩ લોકોને આ પદવી મળવા પામી છે. જે પૈકી બે વિદ્વાન ડાંગ જિલ્લાના નોંધાતા, સમગ્ર ડાંગ પ્રદેશમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી છે.

## સંત શ્રી પુનિત મહારાજની જન્મજયંતી નિમિતે રક્તદાન શિબિર યોજાશે

(પ્રકાશ ભટ્ટ દ્વારા) અમદાવાદ તા.

અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ (ધંધુકા ક્ષેત્ર) દ્વારા પ્રાતઃ સ્મરણીય સંત શ્રી પુનિત મહારાજની ૧૧૭ મી જન્મ જયંતી નિમિત્તે તા.૧૯-૫-૨૪ને રવિવાર ના રોજસાંજે ૪ થી ૭ દરમ્યાન ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી સંલગ્ન થેલેસેમિયા રોગના દર્દીઓ માંટે રક્તદાન શિબિરનું આયોજન મધુલત્તાહોલ, હરેકૃષ્ણ ફ્લેટની સામે બેરેજ રોડ, વાસણા મુકામે કરવામાં આવ્યું છે. રક્તદાન કરનારને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી તરફથી પ્રમાણપત્ર આપી રક્તદાતાઓને સન્માનિત કરવામા આવશે. સ્વેછીક રક્તદાતાઓએ પોતાના નામ કિર્તનભાઈ દીક્ષિત મો.૯૬૬૨૯૫૭૦૨૭તથા મિરલભાઈ પટેલ મો. ૮૪૦૧૬૮૫૧૫૧નો સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે

## બિહારના પૂર્વ ડેપ્યુટી ચીફ મિનિસ્ટર શ્રી સુશીલ કુમાર મોદી ને ડો.વલ્લભભાઈ કથીરિયા ની હાર્દિક શ્રદ્ધાંજલિ

પૂર્વ ડેપ્યુટી ચીફ મિનિસ્ટર બિહાર અને સાંસદ શ્રી સુશીલ કુમાર મોદીના દૂઃખદ અવસાન થી ડો.વલ્લભભાઈ કથીરિયા એ શોક ની લાગણી અનુભવી છે અને તેમના આત્મા ને ચિર શાંતિ અર્પે તેવી પ્રભુ પ્રાર્થના. શ્રી સુશીલ કુમાર મોદી યુવા વય થી જ અખીલ ભારતીય વિધાર્થી પરિષદ અને ભારતીય જનતા પાર્ટી સાથે જોડાઈ ને રાષ્ટ્રભક્તિ થી પ્રેરાઈને રાષ્ટ્રવાદ થી વરેલી ભારતીય જનતા પાર્ટીના સક્રિય કાર્યકર્તા થી શરૂ કરીને બિહારના ઉપમુખ્યમંત્રી અને છેલ્લે રાજયસભા ના સાંસદ તરીકે પણ તેમણે ઉત્તમ સેવા આપી હતી.

ડો.કથીરિયાએ તેમની સાથેના સંસ્મરણો વાગોળતા જણાવ્યુ જતું કે તેઓ એક સરળ, સાદગી ભર્યા નિખાલસ વ્યક્તિત્વ ધરાવતા કાર્યકર્તા હતા. અનેક વખત તેમને મળવાનું થયું ત્યારે તેમની નાણાકીય ક્ષેત્રે બાહોશીના દર્શન થતાં હતા. બિહાર ના વિકાસ પુરુષતરીકેની તેમના માટે ની ઉપમા ખોટી નથી.નિતિશ કુમાર સાથેની તેમની યુગલબંધીએ બિહાર ને ગરીબ રાજ્યમાથી એક વિકાસશીલ રાજ્ય બનાવવામાં અગ્રગણ્ય ફાળો આપ્યો હતો. નાણાંમંત્રી અને કૃષિ જેવા અનેક ખાતાઓ સંભાળીને બિહારે એક પ્રગતીશીલ રાજ્ય બનાવવામાં તેમનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. છેલ્લે છેલ્લે કેન્સરની બીમારી વખતે પણ તેમની સાથે વાત કરવાનો મોકો મળ્યો હતો,ત્યારે તેમને નિખાલસતા પૂર્વક સમાજ જીવનમાથી નિવૃતિ લઈને હવે આત્મ કલ્યાણ માટે વાત કરી હતી. રાષ્ટ્રભક્તિ થી ઓતપ્રોત શ્રી સુશીલ કુમાર મોદીને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ આપે અને તેમના પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એ જ પ્રભુ પ્રાર્થના.

## સમસ્ત મહાજન દ્વારા મંત્રી રાઘવજીભાઈ પટેલને તમામ ગૌશાળાઓ અને પાંજરાપોળને પશુદીઠ, દૈનિક ૧૦૦ની સબસિડી આપવાની રજૂઆત

વૈશ્વીક સ્તરે જળ, જંગલ, જમીન, જનાવર, જનની સુખાકારી માટે કાર્યરત સમસ્ત મહાજન દ્વારા સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી અને ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય ડૉ. ગીરીશ શાહનાં નેતૃત્વમાં ગુજરાત સરકારના કૃષિ અને પશુપાલન વિભાગના કેબિનેટ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલને ગુજરાતની તમામ ગૌશાળાઓ અને પાંજરાપોળને પશુદીઠ ?૧૦૦ની દૈનિક, કાયમી સબસિડી આપવામાં આવે તે અંગેની રજૂઆત કરવામાં આવી. રાજસ્થાન સરકારની જેમ ગુજરાત સરકારે પણ તમામ સરકારી સ્થળોએ પક્ષીઓ માટે ખોરાક અને પાણીની વ્યવસ્થા કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. રાઘવજીભાઈએ આ બાબતે ગુજરાત એનિમલ વેલ્ફેર બોર્ડને સૂચના આપવાની વાત કરી હતી.

રાઘવજીભાઈએ જીવદયાને લગતા અન્ય તમામ મુદ્દાઓ ધ્યાનથી સાંભળ્યા અને શક્ય તમામ મદદ કરવાની ખાત્રી આપેલ હતી. સમસ્ત મહાજનની ટીમે રાઘવજીભાઈ પટેલનું પંચગવ્યમાંથી બનાવેલી ગણપતિની મૂર્તિથી અભિવાદન કર્યું હતું. અત્રે ઉલેખનીય છે કે, સમસ્ત મહાજનના ડો.ગીરીશભાઈ શાહ અને મિતલ ખેતાણીના માર્ગદર્શન હેઠળ રાજય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા પ્રવૃત્તિઓ સતત કરવામાં આવી રહી છે.




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.